


સરનામું :

**હોમ્સ ઇન ધ સીટિ**
**c/o સહજિવન**
રુમ નં. એ ટુ ડી, પ્રથમ માળ,
સનરાઇઝ ટાવર, રેવેન્યુ કોલોની સામે,
પી.જી.વી.સી.એલ. પાસે, ભુજ-કચ્છ
ગુજરાત- ૩૭૦૦૦૧
સંપર્ક : (૦૨૮૩૨) ૨૫૧૮૧૪
ઇમેઇલ : aseem@sahjeevan.org

# શહેર પાડે સાદ

## ભુજ વીઝન ૨૦૨૨ – વિકેન્દ્રિત વિકાસની કેડીએ



આયોજક :

સહયોગ :

સહભાગી : સહજીવન
કચ્છ મહિલા વિકાસ સંગઠન
સેતુ અભિયાન
હુન્નરશાળા ફાઉન્ડેશન
એરીડ કોમ્યુનિટી એન્ડ ટેકનૉલોજિ (ACT)

સંપાદન : શ્રી સંદીપ વિરમાણી
શ્રી કવિતા મહેતા
શ્રી જય અંજારિયા
શ્રી અસીમ મિશ્રા

આલેખન : શ્રી પોથોડી ચકારા ખ્યાતી

પ્રકાશક : હોમ્સ ઈન ધ સિટી કાર્યક્રમ

પ્રકાશન વર્ષ : ૨૦૧૭

કૉપીરાઇટ : આ પ્રકાશન કૉપીરાઇટ્સથી મુક્ત છે, તેમ છતાં જો પ્રકાશકનો ઉલ્લેખ કરવામાં આવે તો ઇલેક્ટ્રોનિક, મીકેનિકલ, ફોટોકોપી, રેકોર્ડિંગ કે અન્ય કોઇ માધ્યમ દ્વારા આ પ્રકાશનનો સંદર્ભ, આંશિક પુન:પ્રકાશન કે તેની માહિતીનું પ્રસારણ માન્ય છે. આ પ્રકાશનનો કોઇપણ વ્યાવસાયિક રીતે ઉપયોગ કરવો હોય તો પ્રકાશક કે લેખકની પુર્વ પરવાનગી મેળવવાની રહેશે.

# અનુક્રમણીકા


સાભાર સ્વીકૃતિ

| | | |
|---|---|---|
| 01 | સંદર્ભ | 05 |
| 02 | સ્લમ ફ્રી સિટી | 11 |
| 03 | સ્થળાંતરકર્તા માટે આવાસ અને સેવાઓ | 15 |
| 04 | વિકેન્દ્રિત પાણી પુરવઠા માટે સ્થાનિક પાણી સંસાધનનું મજબુતીકરણ | 23 |
| 05 | ઝીરો વેસ્ટ સિટી તરફ | 27 |
| 06 | શહેરમાં પશુ આશ્રયસ્થાન અને દૂધ ઉત્પાદન | 31 |
| 07 | મહિલા સશક્તિકરણ અને સલામતી | 37 |
| 08 | ફોર્મલાઇઝિંગ વેન્ડર્સ અને ટ્રાફિક મેનેજમેન્ટ | 43 |
| 09 | દેસલસર તળાવનું પુનઃસજીવન | 49 |
| 10 | ભુજમાં જૈવવિવિધતા સુશાસન | 55 |
| 11 | વોર્ડ સમિતિઓ દ્વારા વિકેન્દ્રિત શહેરી સુશાસન | 59 |
| 12 | ભુજના નાગરિકોનો પોતીકો મંચ ‘ભુજ બોલે છે’ | 65 |
| પરીશિષ્ટ | | |
| 01 | કાર્યશાળાની સમયપત્રક અને વિષયાનુસાર સત્રો | 70 |

# સાભાર સ્વીકૃતિ

ખુબ જ આનંદ અને સંતોષની લાગણી સાથે અમો કાર્યશાળાના સહભાગીઓના હૃદયપૂર્વક આભારી છીએ, જેમના સાથ અને સહકાર વિના આ કાર્યશાળાનું આયોજન શક્ય ન બની શક્યું હોત.

કાર્યક્રમમાં ઉપસ્થિત રહી એચઆઇસી અંતર્ગત થયેલી પ્રવૃત્તિઓ વિશે પોતાનું માર્ગદર્શન આપવા બદલ અમે શ્રી વાસણભાઇ આહીર (સંસદીય સચિવ), શ્રીમતિ નીમાબેન આચાર્ય (ધારાસભ્ય, ભુજ), શ્રી તારાચંદભાઇ છેડા (ધારાસભ્ય, માંડવી) નો હ્રદયપુર્વક આભાર માનીએ છીએ. શ્રી કિરીટભાઇ સોમપુરા (ચેરમેન, ભાડા), શ્રી અશોકભાઇ હાથી (પ્રમુખ, ભુજ નગરપાલીકા) નો કાર્યશાળાના આયોજનમાં સહયોગ તેમજ સક્રિય સહભાગીતા બદલ અમે આભાર વ્યક્ત કરીએ છીએ.

અમે કુ.પરોમિતા રોય(ડિરેક્ટર (આર્ક.) ડીડીએ), શ્રી હિતાર્થ આર્ય (શહેરી પ્લાનર, નાસેન્ટ ઇન્ફ્રો ટેક્નોલોજીસ પ્રા. લિ.), શ્રી ક્લિન્ટન વાઝ(સ્થાપક વી-રીસાયકલ), શ્રી સંજય ચિત્રોડા(આજીવિકા બ્યુરો), શ્રી ગીતા નામ્બિસન(જાગોરી), શ્રી સૌરભ શાહ(એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ લિમીટેડ), શ્રી જય શાહ(યુએમસી અમદાવાદ) ના ખુબ આભારી છીએ  કે જેઓએ વર્કશોપમાં આવી અને પોતાના અનુભવો વ્યક્ત કર્યા.

દરેક વિષય જુથોને સુચનો આપવા બદલ તેમજ સમાંતરે ચાલતા સત્રોની ચાલતી કામગીરીમાં ઉપસ્થિત રહેનારા અધ્યક્ષો અને નિષ્ણતોનો આભાર વ્યક્ત કરીએ છીએ. કચ્છ એન્જિનિયર્સ અને આર્કિટેક્ટ એસોસિયેશન, ક્રેડાઈ, પ્રો. દિનેશ મહેતા(સેપ્ટ યુનિવર્સિટી), શ્રી એ. કે. સિંઘ(સી.જી.ડબ્લ્યુ.બી.), ખમીર, જલ સ્ત્રોત સ્નેહ સંવર્ધન સમિતી, ભુજ સિટી એડવોકેસી ગ્રૂપ, બન્ની પશુ ઉછેરક માલધારી સંગઠન, ભુજ પશુ ઉછેરક માલધારી સંગઠન, રેસીડેન્ટ વેલ્ફેર એસોસિયેશન, રામદેવનગર અને ભુજ નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના અમે આભારી છીએ.

સમગ્ર કાર્યશાળા દરમ્યાન દરેક પ્રકારની વ્યવસ્થા અને સુચારુ આયોજન કરવા બદલ વ્યવસ્થાપક ટીમના શ્રી નિમિશ ગોર, શ્રીમતિ નીલમ સોમપુરા, શ્રીમતિ અરુણા જોશી, શ્રી વિમલ મેહતા તેમજ શ્રી ગોપાલભાઇ રીલ પણ અમારા આભારના હકદાર છે.
કાર્યશાળાના સરળ આયોજનમાં એચઆઇસીની સભ્ય સંસ્થાઓ, નગરપાલિકા તેમજ ભાડાના જે કર્મચારીઓએ પ્રસંશનીય સહયોગ આપ્યો છે તેમનો પણ આભાર સહ ઉલ્લેખ કરીએ છીએ.

કચ્છના સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાએ કાર્યશાળા દરમ્યાન એક સત્રમાં ઉપસ્થિત રહી પ્રોત્સાહન સાથે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ ભવિષ્યમાં શહેરના વિકાસકાર્યોમાં સાંસદ તરીકે હંમેશા સહયોગ આપવાની ખાતરી આપી હતી જે બદલ એમનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

આ વર્કશોપનું આયોજન કરવામાં આર્થિક સહયોગ માટે "મીઝોરીયર" આભારને પાત્ર છે.
અંતમાં સમગ્ર કાર્યક્રમ દરમ્યાન માર્ગદર્શન પુરું પાડનારા એચઆઇસી સ્ટીયરિંગ કમિટીના સભ્યો શ્રી અરુણભાઈ વચ્છરાજાની, શ્રી ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય, શ્રી એમ.એચ. પીર અને શ્રીમતી ફાતમાબેન જતનો અમે ખાસ આભાર માનીએ છીએ.









## 01 સંદર્ભ

છેલ્લાં કેટલાંક વર્ષો નોંધપાત્ર રહ્યાં છે જેમાં એચઆઇસી કાર્યક્રમ દ્વારા હાથ ધરાયેલા કેટલાક વિકાસલક્ષી પ્રકલ્પોની નગરપાલિકા દ્વારા નોંધ લેવાઇ છે. તેમણે આ કાર્યો અપનાવી રાજ્ય સરકાર સમક્ષ ભંડોળ માટે શહેરના પ્રસ્તાવ તરીકે મુક્યા છે. આ પ્રસ્તાવો રાજ્ય સરકારના સંલગ્ન વિભાગો દ્વારા સાંભળવામાં આવે તેમજ મંજૂર કરવામાં આવે એ માટે ભુજ વિસ્તારના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય અને સંસદ સભ્ય શ્રી વિનોદભાઇ ચાવડાએ ખાસ પ્રયત્નો કર્યા છે. આ વર્ષે "શહેર પાડે સાદ"નો વિષય આગામી પાંચ વર્ષમાં જે મોડેલ બનાવવામાં આવ્યા છે તેનું શહેરમાં વ્યાપક પ્રમાણમાં અમલીકરણ થાય એ માટેની દ્રષ્ટિ રાખી વિકાસશીલ પધ્ધતિ બનાવવાનો છે. આ મુખ્ય પ્રકલ્પોના ત્રણ મુખ્ય પાસાઓ છે; જેમાં એ સંશોધન થયું છે કે આ કાર્યક્રમોની વ્યવસ્થામાં નાગરિકો સારી રીતે જોડાયેલા છે; તેઓ વિકેન્દ્રિત વ્યવસ્થાને પ્રોત્સાહન આપે છે; પારિસ્થિતિક સંવેદનશીલ છે તેમજ લઘુત્તમ કાર્બન ઉત્સર્જક જેવી ટેકનોલોજીને પ્રોત્સાહન પુરું પાડે છે; તેમજ આ લાભો ઉપરાંત તેઓ વંચિત વિસ્તારોમા લોકોને શહેરમાં પ્રતિષ્ઠિત સ્થાન અપાવે છે.

જે કાર્યો થયા છે કે સરકાર સાથે વિચારણામાં છે એ નીચે મુજબ છે.

1. જ્યુબીલી કોલોનીમાં હાથ ધરવામાં આવેલી વરસાદી પાણીના સંગ્રહની ટેકનોલોજી ખરેખર નોંધપાત્ર રહી છે, જેના કારણે ભારે વરસાદની સ્થિતિમાં કોલોનીમાં પાણી ભરાવાની સમસ્યાનો ઉકેલ આવ્યો છે; તેમજ જે પાણીનો સંગ્રહ થાય છે તેના કારણે રહેવાસીઓ માટે સ્થાનિક જળસ્રોતોના પાણીની ગુણવત્તા સુધરી છે. આ પધ્ધતિને રાજ્ય સરકારે અપનાવી છે અને "અમૃત" યોજના હેઠળ ૪ અન્ય રિચાર્જ બોરવેલ બનાવાયા છે તેમજ બીજા તબક્કામાં અન્ય ૧૨ જેટલા રિચાર્જ બોરવેલ આ જ યોજના હેઠળ બનાવવાનો પ્રસ્તાવ મુકાયો છે.

2. નગરપાલિકાના સહયોગથી "ઘન કચરા વ્યવસ્થાપન" પ્રકલ્પમાં ઘરોઘર જઇ વિભાજીત કરેલો કચરો એકત્ર કરવો અને કચરો વીણનારા લોકોને જોડી વોર્ડ સ્તરે કચરાનો પુન: વપરાશ કરવાની પ્રક્રિયા થઇ છે. ત્યારબાદ, શહેર



દીપ પ્રગટાવીને કાર્યશાળાનું ઉદઘાટન કરતા મહાનુભાવો

માટેની વ્યાપક કચરા વ્યવસ્થાપન યોજના બનાવી 'સહજિવન' દ્વારા ભુજ નગરપાલિકા મારફતે 'ગુજરાત સ્વચ્છતા મિશન"ને મોકલવામાં આવી છે. આ યોજના કામગીરીને સક્ષમ અને સ્વ નિર્ભર બનાવવા આર્થિક પરિસ્થિતિમાં સુધાર સુચવે છે.

3. વોર્ડ નંબર ૨ અને ૩ માં કેવી રીતે વોર્ડ ઓફિસ, વોર્ડ કમિટી અને વોર્ડ સ્તરના આર્થિક આયોજનમાં નાગરિકોને સમાવી શકાય તેની પ્રક્રિયાને નગરપાલિકાએ સ્વીકારી છે. અન્ય ચાર વોર્ડ પણ મુખ્ય પ્રકલ્પ દ્વારા બનાવાયેલી માર્ગદર્શિકા મુજબ અધિકૃત કરવામાં આવ્યા છે.

4. વંચિત વિસ્તારના રહેવાસીઓ અને તેમની સમિતિએ "રાજીવ આવાસ યોજના" અંતર્ગત ૩૦૦ મકાનોનું અમલીકરણ કરી નગરપાલિકાને નવી અસ્તિત્વમાં આવેલી "પ્રધાનમંત્રી આવાસ યોજના"માં અન્ય ૧૦૯૧ મકાનો માટેનો પ્રસ્તાવ મુકવા પ્રોત્સાહન પુરું પાડ્યું છે. જેને મંજુરી આપવા અંગે રાજ્ય સરકાર દ્વારા સક્રિય રીતે વિચારવામાં આવી રહ્યું છે.

"આ શહેરની કાળજી લેનારા લોકો અહીં હાજર છે. શહેરી વિકાસ માટેની વિવિધ દરખાસ્તો મંજૂર કરવામાં આવેલ છે અને આવતા ભવિષ્યમાં શહેરને જીવન જીવવા ઉત્તમ બનાવવા માટે વિવિધ દરખાસ્તો મંજૂર થવાની પ્રક્રિયામાં છે. હવે, ભવિષ્યમાં ભુજને મનપસંદ પ્રવાસન સ્થળ બનાવવા માટે અમને નાગરિકોના સાથ અને સહકારની જરૂર છે."

ડો. નીમાબેન આચાર્ય



5. પ્રમુખ રીતે પશુઓની પશુ આશ્રયસ્થાનમાં વૈજ્ઞાનિક સારસંભાળ તેમજ શહેરને ચોખ્ખું દુધ મળી રહે એ માટે સ્લમમાં રહેતા પશુપાલકોને સંગઠિત કરવામાં આવ્યા હતા. રાજ્યમાં આ પ્રકલ્પનો સૈધ્ધાંતિક રીતે સ્વીકાર કરવામાં આવ્યો છે તેમજ તેના માટે આર્થિક ભંડોળ ઉભું કરવાની પ્રક્રિયા હાથ ધરાઇ છે.



કાર્યશાળાના ઉદઘાટન સત્રમાં ઉપસ્થિત લોકો

6. શહેરમાં અન્ય રાજ્યોમાંથી મજુરીકામની શોધમાં સ્થળાંતર કરીને આવેલા લોકોનો એક સરવે કરવામાં આવ્યો અને તેમને સીંગલ વીન્ડો સર્વિસ મળી રહે એ માટેના પ્રયાસ કરવામાં આવ્યા. આ સેવામાં ભાડા આધારિત હોસ્ટેલની સગવડ, બાલકેન્દ્ર, તેમના બાળકો માટે શાળા, રાશન તેમજ બેંકની સેવા સમાવિષ્ટ છે. મહેસુલ વિભાગ દ્વારા હોસ્ટેલ માટે જમીન ફાળવવામાં આવી છે તેમજ રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાયતા માટેનો પ્રસ્તાવ સ્વીકારવામાં આવ્યો

7. વોર્ડ નંબર ૮માં નિદર્શન કરાયું છે તે મુજબ એ વોર્ડમાં નોંધપાત્ર ફુલઝાડ અને પક્ષીસૃષ્ટિની જૈવવિવિધતા છે જેનું જતન જરુરી છે તેમજ અન્ય વિસ્તારોને પણ તેમના વસવાટ માટે વિકસાવી શકાય તેમ છે. 'ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ" દ્વારા સમગ્ર શહેર માટે સમાન આયોજન કરવા માટે આમંત્રણ અપાયું છે. "પીપલ્સ બાયોડાયવર્સિટી એક્ટ" હેઠળ આ આયોજનને કાનુની રીતે મુકી શકાય અને નાગરિકોની એક કાનુની સમિતિનું ગઠન કરી શકાય જે કાર્યને સક્ષમ બનાવે.

8. નગરપાલિકાએ ફેરીયાઓની સમિતિ બનાવવાનું નક્કી કર્યું છે જેની પ્રક્રિયામાં સહયોગ માટે એચઆઇસી આમંત્રિત છે. અગાઉ શહેરના મુન્દ્રા રોડ પર (જ્યુબીલી સર્કલથી ભુજ હાટ સુધી) ટ્રાફિક અને ફેરીયાઓની સમસ્યાના નિવારણ શોધવા માટે આયોજન કરાયું હતું.

શ્રી વાસણભાઇ આહીર, સંસદીય સચિવ

**"ભુજ શહેરમાં સંસ્થાઓ, નાગરિકો અને સરાકારી વિભાગો એક ટીમની જેમ કાર્યરત છે અને જે ભવિષ્યમાં પણ કાર્યરત રહે એ જરુરી છે."**





કાર્યશાળામાં ઉપસ્થિત નાગરિકો, તંત્રના પ્રતિનિધિઓ તેમજ સામાજિક સંસ્થાઓના સભ્યો.

ઉપરોક્ત વિષયોના અનુસંધાને આ પ્રકલ્પ અંતર્ગત કરવામાં આવેલી કામગીરીનું આદાનપ્રદાન કરવા તેમજ સમજ ઉભી કરવા અને ભુજ ૨૦૨૨ માટે નવી દ્રષ્ટિનું માળખું તૈયાર કરવા માટે નાગરિકો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરકારી તંત્રો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મે, ૨૦૧૭ની ૧૨ અને ૧૩ બે દિવસની સહભાગી કાર્યશાળાનું આયોજન કરાયું હતું.

આ બે દિવસીય વર્કશોપમાં વિષયવાર થયેલી કામગીરી નાગરિકો, ચુંટાયેલા પ્રતિનિધિઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ અને સ્વૈચ્છિક સંગઠનો સમક્ષ રજૂ કરવામાં આવી અને તેના પર ચર્ચા કરવામાં આવી. એચ.આઈ.સી પાર્ટનર સંસ્થાઓ અને શહેરી વિકાસ સંગઠનો શહેરમાં જે વિષયો પર કામગીરી કરી રહી છે તે વિષયો પર દેશના અન્ય ભાગોમાંથી કાર્યકર્તાઓએ આવી પોતાના અનુભવો અને શ્રેષ્ઠ નમુના રજુ કર્યા હતા.(કાર્યશાળામાં ચર્ચાયેલા વિષયો વિશે વધુ જાણવા માટે પરિશિષ્ટ ૧ જોવા વિનંતી)

કાર્યશાળાનું ઉદઘાટન શ્રી વાસણભાઈ આહીર- સંસદીય સચિવશ્રી, શ્રીમતિ નીમાબેન આચાર્ય-ધારાસભ્ય ભુજ, શ્રી તારાચંદભાઈ છેડા-ધારાસભ્ય માંડવી, શ્રી કિરીટભાઈ સોમપુરા-ચેરમેન ભાડા, શ્રી અશોકભાઈ હાથી- પ્રમુખ ભુજ નગરપાલિકા અને અન્ય મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સંદીપભાઈ વીરમાણીએ સૌને કાર્યશાળા અંગે માહિતગાર કાર્ય હતા અને આ પ્રારંભિક સત્રમાં શ્રી વાસણભાઈ આહીર



કાર્યશાળાનો હેતુ અને એચ.આઇ.સી.ની સાથી સંસ્થાઓની પ્રવૃત્તિઓનો પરિચય આપતા શ્રી સંદીપ વીરમાણી

અધ્યક્ષસ્થાને રહ્યા હતા. શ્રી એમ. એચ. પીર સાહેબ દ્વારા વર્કશોપમાં આવેલા તમામ મહેમાનો અને સહભાગીઓનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું.

શ્રી ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાયે મહેમાનો અને સહભાગીઓનો આભાર માનતા પ્રારંભિક સત્રને વિરામ આપ્યો હતો.
હાલનું પ્રકાશન એ ૨ – દિવસની કાર્યશાળાની કાર્યવાહી નોંધવા તેમજ ૨૦૨૨ સુધીમાં ભુજને જીવન જીવવા ઉત્તમ સ્થળ બનાવવા માટે, શહેરમાં વહીવટી તંત્ર અને વિવિધ સંસ્થાઓ / સંગઠનો દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવેલા નમૂનારૂપ કામગીરીને પ્રસ્તુત કરવાનો એક પ્રયાસ છે.



## 02 સ્લમ ફ્રી સિટી

ભુજ એ ૧.૪૮ લાખ વસ્તી (વસ્તી ગણતરી ૨૦૧૧) ધરાવતું એક નાનું શહેર છે. જેમાંથી તેનો મોટો ભાગ ૧૩૯૭૭ કુટુંબો ભુજના વંચિત વિસ્તારો (સ્લમ) માં રહે છે. શહેરની ત્રીજા ભાગ જેટલી વસ્તી, શહેરના ફક્ત ૬% જમીન(૨૬૭ હેક્ટર) પર વસવાટ કરે છે. આ વિસ્તારો હજુ સૂચિત (નોટિફાય) થયેલ નથી. આમાંના અમુક વિસ્તારો ૪૦ થી ૭૦ વર્ષ જુના છે. મતલબ કે આપણને આઝાદી મળી એ પહેલાના.

'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત કે-લીન્ક તેમજ હુન્નરશાળા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલા સરવે મુજબ ભુજ શહેરમાં કુલ ૭૭ વંચિત વિસ્તારો છે જેમાં ૪૬૧૪૦ લોકોની વસ્તી સાથે કુલ ૧૩૯૭૭ કુટુંબો વસવાટ કરે છે, જે શહેરની કુલ વસ્તીનો ૩૧% ભાગ છે. આ વિસ્તારોમાં ઘર દીઠ સરેરાશ ૩.૩૦ લોકો વસવાટ કરે છે. જેમાંથી ૮૧૧૫ કુટુંબોમાં મહિલાઓ નેતૃત્વ ધરાવે છે.

ભુજ શહેરમાં વંચિત વિસ્તારો માટે આવાસ અને માળખાગત સુવિધાઓ વિકસાવવા માટેનું પ્રથમ ચરણ ૩ વિસ્તારોમાં ૩૧૪ ઘરો માટે વર્ષ ૨૦૧૩માં 'રાજીવ આવાસ યોજના' અંતર્ગત શરુ કરવામાં આવ્યું, જે હાલમાં પુર્ણતાની આરે છે આ પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ :

ઘર માલિક સંચાલિત :
લોકો દ્વારા પોતાના ઘરોનું બાંધકામ કરવામાં આવ્યું અને તે પેટે તેમને પાંચ તબક્કામાં સરકાર દ્વારા ચુકવણું કરવામાં આવ્યું. જેમાં સંતોષકારક ડિઝાઈન, એક બીજાના સહકારથી ખર્ચમાં બચાવ, જુના મટેરિયલનો વપરાશ અને લાભાર્થી તરફથી સરેરાશ ૩૦% જેટલો ફાળો વગેરે બાબત લોકો દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી.



રામદેવનગર વિસ્તારમાં પુર્ણતા પહેલાના મકાનનું માળખું.




પોતાના નવા ઘરમાં સ્થાઇ થયેલા મકાન માલિક


આયોજન:
ઘરોની ગોઠવણ ફળિયા તરીકે કરવામાં આવી, જે સામાજિક સુસંગતી નિશ્ચિત કરે છે. કુટુંબના વિસ્તૃતીકરણ સાથે આ ઘર ઉપર બીજો એક માળ ઉમેરી શકાય છે. રાહદારીઓ કે પગપાળા તેમજ વાહન વ્યવહારને અલગ રીતે ડિઝાઈન કરી ખાસ કરીને બાળકો વાહનના યાતાયાતના અડચણ વિના વિસ્તારમાં કોઈ પણ જગ્યાએ પહોંચી શકે તેવા ઘરની ડીઝાઇન અને વિસ્તારનું આયોજન કરવામાં આવ્યું.

ટેકનોલોજી:
ઘરમાં રસોડા તેમજ બાથરૂમના નીકળતા પાણીને પુનઃવપરાશ યોગ્ય બનાવવા સંડાસના ફ્લશિંગના વપરાશ માટે, વિસ્તારમાં પાણીનો સંગ્રહ કરવા રીચાર્જ બોર બનાવી ભૂગર્ભ જળના પાણીની ગુણવત્તામાં સુધારો કરવા તેમજ વિસ્તારમાં પીવાના પાણી માટે એ.ટી.એમ. મશીનની જોગવાઈઓ કરેલ છે. ભુજ શહેરમાં જે રીતે પાણીની જરૂરિયાત અને વપરાશ છે, તે જોતા આ બધી જોગવાઈઓથી ભુજ માટે અંદાજે ૩૦% પાણીની બચત થઇ શકે. શેરીએ શેરીએ સોલાર સ્ટ્રીટલાઈટની પણ જોગવાઈ કરેલ છે. અમુક ઘરોમાં આર.સી.સી. છતની જગ્યાએ એક અનોખી છત જે જેને “ક્લીઓસ્ટર ડોમ” કહેવામાં આવે છે તેમજ સુર્યતાપને અવરોધી શકે તેની ઢાળવાળી છતનો ઉપયોગ કરેલ છે આવી ટેકનોલોજી કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો કરે છે, તેમજ ગરમીમાં ઘરોમાં ઠંડક આપે છે.

છૂટી થતી જમીન :
હાલમાં ૨૬૭ હેક્ટર જમીન ૭૭ સ્લમ દ્વારા આવરી લેવાઇ છે જેમાંથી માત્ર ૧૭૭ હેક્ટર જમીનની મકાન બાંધવા તેમજ સંલગ્ન માળખા ઉભા કરવા માટે જરુરીયાત છે અને આ રીતે ૯૦ હેક્ટર જમીન શહેર માટે ઉપલબ્ધ થશે. (પાઇ ચાર્ટ જુઓ)




સ્લમના પુનઃ વિકાસ પછી પ્રોજેક્ટની જગ્યાએ જમીનનો કેવી રીતે ઉપયોગ થશે તે પાઇ ચાર્ટમાં દર્શાવાયું છે.




ડાયાગ્રામમાં વિવિધ સંસ્થાઓનું વિવિધ સ્તરે શું યોગદાન અને ભુમિકા દર્શાવે છે.

સામાજિક વ્યવસ્થાપન :

વિસ્તારના સામાજિક વિકાસ અને માળખાગત સુવિધાઓના સંચાલન માટે વિસ્તારના લોકોનું “રેસીડેન્ટ વેલ્ફેર એશોસીએશન” બનાવી તેની કાયદેસરની નોંધણી કરાવેલ છે.

ઉપરોક્ત દર્શાવેલ પ્રયોજન માટે આ પ્રોજેક્ટને આવાસ તેમજ શહેરી ગરીબી ઉપશમન મંત્રાલય, ભારત સરકાર દ્વારા “બેસ્ટ પ્રેક્ટીસ; હેબીટેટ પ્લાનિંગ અને ડીઝાઇન ફોર ધ અર્બન પુર” તરીકે પ્રકાશિત કરવામાં આવેલ દસ્તાવેજોમાં સમાવેશ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત, સરકારશ્રીના પ્રધાનમંત્રી આવાસ યોજના – હાઉસિંગ ફોર ઓલ અંતર્ગત ભુજના બીજા ૬ વિસ્તારોના ૧૦૯૧ ઘરો માટેની દરખાસ્ત બનાવવામાં આવેલ છે. ભુજના વંચિત વિસ્તારો માટે આવાસ તેમજ માળખાગત સુવિધાઓ માટેની આ પ્રક્રિયા, ગરીબ લોકો માટે એક પ્રતિષ્ઠા લાવશે તેમજ સાથે સાથે અંદાજે ૯૦ હેક્ટર જમીન શહેરના વિકાસ માટે ઉપલબ્ધ થશે.

ભવિષ્યનું આયોજન :

- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ભુજ વિસ્તારના ૭૭ સ્લમ વિસ્તારોને નોટિફાય (સૂચિત) કરાવવું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ભુજ વિસ્તારના ૬ સ્લમ વિસ્તારો માટે બનાવેલ ૧૦૯૧ ઘરો ની દરખાસ્તને મંજુરી અપાવવી.
- ભુજ વિસ્તાર માટેનો ‘હાઉસિંગ ફોર ઓલ’ પ્લાન ઓફ એક્શન તૈયાર કરાવવો.
- હાલમાં ચાલી રહેલ સ્લમ રીહેબીલીટેશન પ્રોજેક્ટના ૩૦૦ ઘરો અને માળખાગત સુવિધાઓનું કામ પૂર્ણ કરાવવું.



## 03 સ્થળાંતરકર્તા માટે આવાસ અને સેવાઓ


ભુજ શહેરમાં ૧૦૯૮ પરિવારોના ૨૨ સ્થળાંતરિત સમુદાયો અને આશરે ૩૦૦ એકલા પુરૂષો છે જે શહેરના વિવિધ સ્થળોએ ગટર, વીજળી અને પાણી જેવી આવશ્યક સેવાઓ વિના કામચલાઉ વસાહતોમાં રહે છે. તેઓ વિવિધ પ્રદેશો જેવાકે પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર અને દૂરના રાજ્યો બિહાર, ઉત્તર પ્રદેશ અને ઓરીસા જેવા વિસ્તારોમાંથી આવે છે તેમજ ગુજરાત રાજ્યના દાહોદ, ગોધરા, આણંદ અને પંચમહાલ જીલ્લાના આદિવાસી પરિવારો પણ ભૂજ આવે છે. મોટાભાગના સમુદાયો તેમના મૂળ ગામો સાથે મજબૂત સંબંધો ધરાવે છે અને ૨-૬ મહિનાના સમયગાળા માટે પાછા ફરતા હોય છે.

રાષ્ટ્રિય શહેરી આજીવિકા મિશન (એન.યુ.એલ.એમ.)નું ધ્યેય શહેરી ઘરવિહોણા લોકો ને આવશ્યક સેવાઓથી સજ્જ આવાસ પૂરું પાડવાનું છે. આવાસમાં સિંગલ વિન્ડો સિસ્ટમ દ્વારા તેમનું રજીસ્ટ્રેશન અને તેમને સામાજિક અને આર્થિક લાભો સાથે જોડવાનું પણ પ્રયોજન છે.

અત્યાર સુધીમાં નગરપાલિકાના સહયોગથી સેતુ (આજીવિકા બ્યુરોના સહયોગથી) અને હુન્નરશાળા દ્વારા કરવામાં આવેલ કાર્યની રૂપરેખા :

1. શહેરમાં વસતા ઘર વિહોણા કુટુંબોનો ડેટાબેઝ ઉભો કરવો અને શહેરમાં સ્થળાંતરકારોનું યોગદાન અને તેમની સમસ્યાઓ સમજવી
2. કલેક્ટરશ્રી કચ્છ દ્વારા ૬૦૦ બેડની ક્ષમતા વાળી ઘરવિહોણા લોકોની હોસ્ટેલ માટે જમીનની ફાળવણી
3. દરખાસ્ત અને ડિઝાઇનને નાગરપાલિકા દ્વારા રાજ્ય સરકારને રજૂ કરવી
4. સરકારી સેવાઓનો લાભ લેવા માટે તેમને મદદ કરવા માટે સ્થળાંતરકારોનું આયોજન કરવું.

સ્થળાંતરીતોને શ્રમિક કાર્ડ અપાવવા માટે “મકાન અને બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ” અને “ગુજરાત અને સ્થળાંતરીત





મજુરો સાથે સંકલન કરાયું. શ્રમિક કાર્ડ મજુરોને સરકાર દ્વારા ખાસ તેમના માટે બનાવેલી યોજનાનો લાભ અપાવવામાં ખુબ જ ઉપયોગી બને છે.

આવાસ અને સેવાઓ ઉપરાંત બાળકોની સંભાળ અને શિક્ષણ છે, અને પોતાની કમાણી સુરક્ષિત રાખવી તેમની મુખ્ય સમસ્યાઓ છે. સતત સ્થળાંતરના કારણે બાળકોના શિક્ષણ ઉપર અવડી અસર થાય છે અને અપૂરતા શિક્ષણને લીધે બાળકોનું જીવન તો જોખમાય જ છે સાથે સાથે સમગ્ર પરિવાર ગરીબીના વિષચક્રમાં ફસાયેલ રહે છે. મોટાભાગના બાળકો તેમના પરિવારની આવકને ટેકો આપવા માટે બાળ મજૂર તરીકે કામ કરે છે. તેમની પાસે તેમની કમાણી રાખવા માટે સુરક્ષિત સ્થાનો ન હોવાથી, તેઓ તેમના ગામ પાછા ના જાય ત્યાં સુધી ઠેકેદારો તેમના નાણાંને પોતાની પાસે રાખતા હોય  છે, આ વ્યવસ્થામાં પણ તેમનું શોષણ થાય છે.

ભુજમાં પ્રસ્તાવિત ઘરવિહોણા લોકો માટેની હોસ્ટેલ નીચે મુજબની સગવડો પૂરી પાડશે

1. કાયમી આવાસો અને મૂળભૂત સુવિધાની સાથે સહિયારું રસોડું જેમાં તેઓ પોતાનું રાશન લાવી અને રસોઈ કરી શકે છે.
2. વિવિધ સેવાઓ પ્રદાન કરવી, જેમ કે સામાજિક સુરક્ષા પેન્શન, પીડીએસ, આઇસીડીએસ, ઓળખ, આર્થિક સમાવેશ, શિક્ષણ, ઘરવિહોણા લોકો માટે સસ્તું આવાસ વગેરે.





માઇગ્રન્ટ હોસ્ટેલની પ્રાસ્તાવિત સંરચના


3. વૃદ્ધો, વિકલાંગો તેમજ માનસિક રોગીઓ જેવા વંચિત લોકો તેમજ ઘરવિહોણા લોકોની જરુરીયાતોને પહોંચી વળવા માઇગ્રન્ટ હોસ્ટેલમાં અલાયદા વિભાગોનું નિર્માણ કરવામાં આવે.
4. હોસ્ટેલ સખી સંગીની તરીકે ઓળખાતી મહિલાઓની સંસ્થા દ્વારા ચલાવવામાં આવશે, જેમાં કચ્છ મહિલા વિકાસ સંગઠનનો ટેકો રહેશે.

ભવિષ્યનું આયોજન

- ઉપરોક્ત પ્રસ્તાવને મંજૂર કરાવવા માટે ભુજ નગરપાલિકા અને શહેરી વિકાસ વિભાગ સાથે સંકલન કરી તેનું અમલીકરણ કરવામાં આવશે.
- નગરપાલિકાને ભુજમાં રહેતા સ્થળાંતરીત લોકોના રજિસ્ટ્રેશન માટે કહેવામાં આવશે જેથી શહેરમાં એવા કેટલા લોકો છે તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ બને.
- ભુજમાં મજૂર સંગઠન બનાવવા માટેની પ્રક્રિયા શરુ કરવામાં આવશે.
- કૌશલ વિકાસ માટેની તાલીમનું આયોજન.
- ભવિષ્યમાં પર્યાપ્ત સંખ્યામાં માઇગ્રન્ટ હોસ્ટેલ બનાવવા માટે સરકાર સાથે સંકલન કરવામાં આવશે જેથી આવા દરેક સ્થળાંતરીત પરિવારોને રહેવા માટે છત મળી શકે.





માઇગ્રન્ટ હોસ્ટેલ માટેનો આંશિક પ્રાસ્તાવિક પ્લાન








સ્થળાંતરિતો સાથે તેમના પ્રશ્નો અને સમસ્યાઓ સમજવા માટે ચર્ચા વિચારણા





માઇગ્રન્ટ હોસ્ટેલના પ્રાસ્તાવિક પ્રોજેક્ટનું આંતરિક માળખું



## 04 વિકેન્દ્રિત પાણી પુરવઠા માટે સ્થાનિક પાણી સંસાધનનું મજબુતીકરણ

એરીડ કમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજીસ (એ.સી.ટી.) તેમજ નગરપાલિકા અને હુન્નરશાળાના સયુંકત પ્રયત્નો થકી શહેરમાં થયેલ પાણીના કાર્યોએ પ્રદર્શિત કરેલ છે કે ભુજ શહેર પોતાના પીવાના પાણી અને અન્ય જરૂરિયાતો માટે વરસાદી પાણી અને ભૂગર્ભજળના સ્ત્રોતો પર આધારિત આ યોજના અમલી બનાવી શકે છે, માત્ર કપરા સમયે જયારે ખેંચ વર્તાય તેવા સંજોગોમાં બાહ્ય સ્ત્રોત જેવા કે નર્મદા યોજના આધારિત પુરક વ્યવસ્થા ગોઠવવી પડે. મતલબ કે, લાંબાગાળે સ્વતંત્ર અને સ્થાનિક સ્ત્રોત આધારિત ટકાઉ પાણી યોજનાને અમલી બનાવવા હાલમાં તેમજ પુરક વ્યવસ્થા તરીકે નર્મદા યોજનાનો ઉપયોગ કરી શકાય.

હાલે, ભુજ શહેરને દૈનિક ૨૭ એમ.એલ.ડી. (મીલીયન લીટર પ્રતિ દિવસ) પાણીની જરૂરિયાત છે જે પૈકી ૫૬% એટલે ૧૫ એમ.એલ.ડી. શહેરના સ્થાનિક સ્ત્રોતમાંથી આપવામાં આવે છે જયારે માત્ર ૪૪% એટલે ૧૨ એમ.એલ.ડી. પાણી નર્મદા આધારિત યોજનાથી મેળવવામાં આવે છે.

આપને ખ્યાલ છે, નગરપાલિકા દ્વારા પાણી વિતરણની સેવા પેટે જે ખર્ચ ઉઠાવે છે તે પૈકી શહેરીજનોને મોટી સબસીડી ઉપલબ્ધ કરાવે છે ? પાણી વિતરણ કરવાનો ખર્ચ પ્રતિ ૧૦૦૦ કિલોલીટર એ નગરપાલિકાને રૂ. ૧૩.૫૦ /-આવી રહ્યો છે. જયારે શહેરીજનો એ પૈકી માત્ર રૂ. ૪/- પ્રતિ કીલોલીટર પાણી વેરા પેટે ચૂકવી રહ્યા છે. એટલે કે નગરપાલિકા દ્વારા શહેરીજનોને કુલ્લ ખર્ચના ૮૨% સબસીડી આપવામાં આવે છે.

શહેરની વાર્ષિક ૯૦૦૦ એમ.એલ. (મિલિયન લીટર) પાણીની જરૂરિયાત સામે વરસાદી પાણી ૮ ઘણું વધારે ઉપલબ્ધ છે. જો આપણે આ વરસાદી પાણીને સંગ્રહ કરીએ અથવા ભૂગર્ભજળ સંચય કરીએ તો શહેર હાલ જે પાણીની અછત અનુભવે છે તેને દુર કરી શકીએ. આપણા ભુગર્ભજળને સંગ્રહ કરનાર પથ્થરને વધુ તંદુરસ્ત બનાવી શકીએ જે આપણને ભવિષ્યમાં જરૂરિયાતના સમયે ભૂગર્ભજળ સ્ત્રોતો દ્વારા પીવાલાયક પાણી આપી શકે.



જયુબીલી કોલોનીમાં ગ્રાઉન્ડ વોટર રિચાર્જનું સ્થળ



પ્રાથમિક શાળાની ઇમારતમાં 'રુફ રેઇન વોટર હાર્વેસ્ટિંગ' સીસ્ટમની જોગવાઇ

આપણા વડીલોએ ભુજ શહેરની સ્થાપના આવા જ એક આગપાણ પથ્થર ઉપર કરેલ હતી જેની સીમા ૧૦૦ મી ઊંડો અને ૧૦૦ ચો.કી.મી. ફરતે સીમિત છે અને તેમાં સંગ્રહાયેલ પાણી જો નિયમિત સંગ્રહ થાય તો પીવાલાયક ઉપલબ્ધ થઇ શકે. આ ઉપરાંત તેઓએ આ પથ્થર પરથી પસાર થતી નદીઓ, વહેણને યોગ્ય દિશા આપી, પાણી રોકવા માટેના નાના ચેકડેમનું કામ થાય એ રીતે અંદાજે ૩૪ ચો.કી.મી.ના આવક્ષેત્રના વિકાસ કરી પાણીના જળાશયોના કામ કરેલ હતા.

છેલા દશકમાં શહેરમાં થયેલ નીચે મુજબના કાર્યો થકી ભવિષ્યમાં આવા કામો કરવા માટેની રણનીતિ અપનાવવા વિશ્વાસ સંપાદિત થયો છે.

1. જળચક્ર અને ભૂજળચક્રના વિજ્ઞાનની સમજ અને તેના આધારિત શહેરનો વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરેલ પાણીના સ્ત્રોતો અંગેનો ડેટાબેઝ જે ભવિષ્યના આયોજનનો અભૂતપૂર્વ અંગ બની રહેશે. આ ઉપરાંત અંદાજે ૮૮ જેવા કુવા તેમજ બોરના પાણીના તળ તેમજ ગુણવત્તામાં આવતા બદલાવને માસિક સ્તર પર મોનીટરીંગ છેલ્લા ચાર વર્ષથી કરવામાં આવે છે જે ભૂગર્ભજળસ્ત્રોત આધારિત આયોજન માટે ખુબ જ ઉપયોગી થશે.
2. તળાવોની પાણી સમાવવાની ક્ષમતા વધારવા માટે શહેરના ૪૩ તળાવોમાંથી ૧૦ તળાવોમાં ખોદકામની પ્રક્રિયા પુર્ણ કરવામાં આવી છે.
3. જ્યુબિલી કોલોનીમાં વરસાદી પાણીના પુરની સમસ્યાને હલ કરવા અને ભૂગર્ભજળ સંચય કરવા રીચાર્જ બોરવેલ થકી અન્ય રિચાર્જ ટેક્નોલોજીનો ઉત્કૃષ્ટ નમુનો ઉભો કરેલ છે. જેની સફળતાથી અન્ય ચાર પ્લોટમાં ભુજ નગરપાલિકા દ્વારા અમૃત યોજના હેઠળ અમલીકૃત કરવામાં આવી છે.
4. ૧૫ શાળાઓએ વરસાદી પાણીનું સંગ્રહ કરી ૪.૫૫ લાખ લિટરથી વધુ પાણી એકત્ર કર્યું છે. બધા બાળકો સમગ્ર વર્ષ દરમિયાન સુરક્ષિત પીવાનું પાણી મેળવી રહ્યા છે.
5. ઝૂંપડપટ્ટી વિસ્તાર પૈકી છ વસાહતોમાં ૬૫૦ પરિવારો માટે સંકલિત વિકેન્દ્રિત પાણી યોજનાનું આયોજન અને અમલીકરણના નમુનારૂપ કાર્યો થયેલ છે.



પાણી વિષે જન જાગૃતિ લાવવા માટે એકટ સંસ્થા દ્વારા આયોજિત ચિત્રસ્પર્ધામાં ભાગ લેતા વિવિધ શાળાના વિદ્યાર્થીઓ

6. બદામી છેલા અને જીઆઇડીસીમાં ૨૫૦ પરિવારોને આવરી લેતા વિકેન્દ્રિત સીવેજ ટ્રીટમેન્ટ સિસ્ટમની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગંદાપાણીનું રિસાયકલ કરી પુનઃઉપયોગ કરવામાં આવે છે.
7. જળ સ્ત્રોત સ્નેહ સંવર્ધન સમિતિ (જેએસએસએસ) જે શહેરી નાગરિકોનું જળસ્ત્રોતના સંવર્ધન હેતુ બનેલ એક સંગઠન છે જે શહેરી જળાશયોને બચાવવા અને પુનઃ ઉપયોગી બનાવવા શહેરીજનોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરે છે.
8. છ પેરા જળઇજનેરો (સ્થાનિક યુવકો) ને તાલીમ આપવામાં આવી છે જે વસાહતોને તેમની પાણીની સમસ્યાઓનો ઉકેલ લાવવા મદદ કરે છે.

ભવિષ્યનું આયોજન :

- નગરપાલિકા દ્વારા આપવામાં આવતી પાણી વિતરણની સેવા પૈકી પાણીના વેરામાં ફેર વિચારણા કરવાની જરૂર છે જે નગરપાલિકાને સેવા આપવા માટે થતા ખર્ચને પહોંચી વળવા પુરતો હોય. આ ઉપરાંત કોલોનીઓ પોતાના સ્ત્રોતનું સંચાલન અને જાળવળી તેમજ વ્યવસ્થાપન કરતા થાય તે માટે તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ નર્મદાના પાણીને સંકટ સમયે જ ઉપયોગ થાય તેવી માંગણી કરે.
- પાણીના વિતરણના સુચારૂ વ્યવસ્થાપન અને માળખાકિય સુવિધાઓ વોર્ડ અને કોલાનીઓમાં વિકેન્દ્રિત થાય.
- પુરતા પ્રમાણમાં રિચાર્જ બોરવેલ બનાવવામાં આવશે જેથી વરસાદી પાણીનું મહત્તમ પ્રમાણમાં રિચાર્જ થઇ શકે જે શહેરમાં ભુગર્ભજળના તળ ઉંચા લાવી શકે.



## 05 ઝીરો વેસ્ટ સિટી તરફ

“ઘન કચરા વ્યવસ્થાપન” શહેરી સેવાની એક પાયાની સુવિધા છે જે મોટાભાગે નગરપાલિકા દ્વારા પુરી પાડવામાં આવતી હોય છે. કચરાના વ્યવસ્થાપન માટે વિવિધ સંસાધનો ઉપલબ્ધ હોવા છતાં નગરપાલિકા તેની સામાન્ય સેવાઓ સંતોષકારક રીતે પુરી પાડી શકતી નથી. આમ, ભારતના મોટાભાગના નગરો અને શહેરોમાં કચરાના વધતા જતા ઢગલા સામાન્ય બની રહ્યા છે. અહિં શહેરના ઘરોમાં ઉતપન્ન થતા ૬૦ ટન કચરાના વ્યવસ્થાપન માટે નગરપાલિકાને સહયોગ પુરો પાડવાનો એક પ્રયાસ થઇ રહ્યો છે જેમાં કચરાની ઉપયોગિતા વધારી શહેરના કચરો વીણનારા પરિવારોની આર્થિક સ્થિતિ સુધારી તેમની જીવનશૈલીમાં સુધાર લાવી શકાય.

છેલ્લા ત્રણેક વર્ષોથી ભુજ નગરપાલિકા સાથે રહી સહજીવન, કે.એમ.વી.એસ., ખમીર, હુન્નરશાળા, કચરો વિણનારા સમુદાયો, સખી સંગીની, પશુઓ રાખનારા માલધારીઓ વગેરે દ્વારા કરવામાં આવેલ પ્રયાસો થકી ઉપરોક્ત વિષય માટે સારા અનુભવો રહ્યા છે. આ અનુભવો ભુજ શહેરના સર્વાંગી આયોજનમાં ઘન કચરાના વ્યવસ્થાપન માટે ચોક્કસ મદદરૂપ થશે. અત્યાર સુધીમાં જે પ્રક્રિયાઓ કરવામાં આવી છે એ નીચે મુજબ છે.

1. શહેરમાં સુચારુ રીતે ઘન કચરા વ્યવસ્થાપન થાય તે માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સહજીવને ભુજ નગરપાલિકા સાથે મળીને ભુજ શહેર માટે ઘન કચરા વ્યવસ્થાપનનું આયોજન કરીને રાજ્ય અને રાજ્ય સરકારને મંજુરી માટે દરખાસ્ત કરી છે. ભુજ નગરપાલિકા દ્વારા ભુજમાં પ્રથમ ઘન કચરા વ્યવસ્થાપન કેન્દ્ર નાગોર રોડ ઉપર ફાળવવામાં આવ્યું છે. જ્યાં ઘરે ઘરેથી એકત્ર કરેલ કચરાને કચરો વિણનાર સમુદાય દ્વારા વિભાગીકરણ કરી યોગ્ય નિકાલ કરવામાં આવશે. ઘન કચરા વ્યવસ્થાપનની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે.

- જે તે સ્થળે જ કચરાનું ૧૦૦ % વર્ગીકરણ.
- રહેણાક સ્તરે કલર કોડ આપેલા ડસ્ટબીનનો મોટી માત્રામાં ઉપયોગ.



ભુજ શહેરમાં “ડોર ટુ ડોર” કચરાનું એકત્રિકરણ




ભીનો કચરો એકત્ર કરવા મુકાયેલું બ્લુ બીન



વપરાયેલી પ્લાસ્ટિકની કોથળીને રીસાઇકલ કરીને બનાવાયેલા પર્સ અને બેગ.

- ઘરોમાંથી એકત્ર કરવામાં આવેલા ૧૦૦% કચરો જ્યાં પહોંચશે એવા ‘ઝીરો વેસ્ટ સેન્ટર’ના સુચારુ સંચાલન માટે વેસ્ટ પીકર્સ એસોસીએશનને જોડવામાં આવશે.
- ખાતર બનાવવા માટે ઓર્ગેનિક વેસ્ટ કનવર્ટરનો ઉપયોગ.
- જે પણ એકત્રિત તેમજ વર્ગીકૃત કચરો છે તેના પુન:વપરાશ માટે કબાડીઓ સાથે સંકલન.

2. સહજીવન અને કે.એમ.વી.એસ. દ્વારા સખી સંગીની સાથે મળીને ૨૦૦૯/૧૦ માં આશરે ૨૨000 કુટુંબો સાથે રહીને ડોર ટુ ડોર કચરા એકત્રીકરણ કામગીરી કરી. ખાનગી રીતે આશરે ૧૫૦૦ કુટુંબો દ્વારા રૂ. ૩0-૫૦/- પ્રતિમાસ ચૂકવીને છકડાના માધ્યમથી પણ આ કામગીરી કાર્યરત છે. હાલમાં નગપાલિકા માત્ર આ કામ માટે રૂ. ૫/- કુટુંબદીઠ મેળવી રહી છે, જે બતાવે છે કે આ સર્વિસને કાયમી કરવા માટે હજુ રૂ. ૨૦/- પ્રતિમાસ કુટુંબ દીઠ મેળવવા જોઈએ..
3. તબક્કાવાર ઘરે ઘરેથી કચરા એકત્રીકરણના વિવિધ અનુભવોના આધારે તથા ઘન કચરા વ્યવસ્થાપન પ્લાનના અમલીકરણના તબક્કાઓના ભાગ રૂપે હાલમાં ભુજ નગરપાલિકા દ્વારા ૧૦૦% એકાંતરે ડોર ટુ ડોર કચરા એકત્રીકરણનું કાર્ય અમલી બનાવેલ છે.
4. અલગ અલગ સંસ્થાઓ દ્વારા ઘરેલુ કચરાને ફરીથી અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાય તે હેતુથી ત્રણેક પ્રકારના તાંત્રિક નમૂનારૂપ કામો થયેલ છે. (a) ખમીર સંસ્થાએ ૪૦ માઇક્રોન પ્લાસ્ટિક ઝભલાંના ઉપયોગથી સારી ગુણવતા ના “કેરી બેગ” તેમજ અન્ય ઘરેલું ઉત્પાદનો બનાવેલ છે. (b) સહજીવન દ્વારા રસોડાના કચરા ને ફરી ઉપયોગ માં લઇ” બ્લુ-બીન” યોજના મારફતે લઇને ભુજ માં જ દૂધ નો વેપાર કરતાં માલધારીઓ સુધી પહુંચાડીને તેમના પશુઓ ના આહારમાં મદદ કરી છે. (c) હુન્નરશાળા એ બાંધકામ ના કચરા ને ફરી ઉપયોગ કરી આશરે ૨૫% શહેર ના આવા કચરા ને બાંધકામ માટે ના બ્લોકસ બનાવેલા છે.
5. ઉદ્યોગોને રિસાયકલ કરવા માટે કચરો પુરો પાડતા મધ્યસ્થકારોને કચરાનું વિભાજન કરી પહોંચાડવા માટે સહજિવન




ઉત્પન્ન થતા કચરાનું વિભાગીકરણ દર્શાવતો ડાયાગ્રામ




ભુજ શહેરમાં કચરા વ્યવસ્થાપન માટેનું પ્રાસ્તાવિક મોડેલ

દ્વારા કચરો વિણનારા સમુદાયનું સંગઠન બનાવવામાં આવ્યું.

6. સંસ્થાગત કેમ્પસને સહજિવન અને કેએમવીએસ દ્વારા ઝીરો વેસ્ટ સેન્ટરની સેવા પુરી પાડાવામાં આવે છે જેમાં કેમ્પસમાંથી કચરો એકત્ર કરી તેનું મુલ્ય વધારવામાં આવે છે. લાલન કોલેજ અને આર્મી કેમ્પસ તેના ઉદાહરણો છે.

ભુજ વિધાન સભા મત વિસ્તારના ધારાસભ્ય શ્રી ડો. નીમાબેન આચાર્ય દ્વારા એવું કહેવામાં આવેલ છે કે

**“ સમગ્ર શહેરને ચોખ્ખું રાખવા માટે તમામ નગરજનોએ જવાબદારી લેવી જોઈએ તથા નગરપાલિકાએ એ માટે ચુસ્ત અને કડક વલણ દાખવવું જોઈએ અને તો જ સંસ્થાઓ અને ટેકનોલોજીનો ઉપયોગ અને અનુભવો કામે લાગશે.”**

ભવિષ્યનું આયોજન :

- નગરપાલિકાને શહેરના ઘન કચરા વ્યવસ્થાપન પ્લાન અમલી બનાવવા તબક્કા વાર કામગીરી હાથ ધરવામાં સહયોગી બનવું.
- શહેરના કચરાને સારી રીતે નિકાલ કરવા પાંચ કચરા વિભાગીકરણ કેન્દ્રની જરૂરિયાત છે જેમાં કચરો વીણનારા સમુદાયને જોડી કેન્દ્ર સારી રીતે સંચાલિત થાય તેવા પ્રયાસ કરવા.
- એક એન્ટરપ્રાઇઝ તરીકે ભંગારનો વાડો ચલાવી શકે એ માટે કચરો વીણનારાઓને સંગઠિત કરવામાં આવશે.
- નગરપાલિકા દ્વારા રાજ્ય સરકારની નાણાકીય સહાય દ્વારા કચરા વિભાગીકરણ કેન્દ્ર પર રીસાયકલીંગ ફેસીલીટી (મશીનરી) ઉભી કરવી.



## 06 શહેરમાં પશુ આશ્રયસ્થાન અને દૂધ ઉત્પાદન

શહેરીકરણ અને ઔદ્યોગિકરણના યુગમાં ખેતી અને પશુપાલન જેવા વ્યવસાયો સમયાંતરે ઘટતા રહ્યા છે જેના પરિણામે પુર્ણ આહાર કહી શકાય એવાં દુધના ઉત્પાદનમાં પણ ઘટાડો આવ્યો છે. સમાન રીતે વધતી જતી વસતીને કારણે દુધની જરુરિયાત વધી રહી છે. એક પ્રખ્યાત કહેવત છે કે, “સ્વસ્થ મન એક સ્વસ્થ શરીરમાં રહે છે.” લોકોના સ્વાસ્થ્ય અને શહેરમાં પશુપાલનની પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખીને આ એક પહેલ હાથ ધરાઇ છે જેના દ્વારા નાગરિકોને ગુણવત્તયુક્ત દુધ મળી રહે અને સાથે સાથે પશુઓ અને માલધારીઓની પરિસ્થિતિમાં પણ સુધાર આવે.

ભુજના વંચિત વિસ્તારોમાં આશરે આવા ૩૭૦ દૂધ ઉત્પાદકો રહે છે, જેઓની પાસે ૬૫૦૦ ગાયો, ૧૮૦૦ ભેંશો અને ૩૦૦૦ ઘેટાં બકરાં છે (સહજીવન ૨૦૧૩). જેમાં ગાયો જ માત્ર રોજનું સરેરાશ આશરે ૧૩૦૦૦ લીટર દૂધ ઉત્પાદન કરે છે, જે આશરે ૯૦૦૦ કુટુંબો (ભુજ શહેરના ૧૮% કુટુંબો) ને દૂધ પૂરું પાડે છે.

ગુજરાત સરકારના ગૌચર ગૌસેવા આયોગ દ્વારા ભુજ શહેર માટે સૌ પ્રથમ પશુઘરની મંજુરી મળ્યા બાદ એક પશુઘરમાં આશરે ૫૦૦-૭૫૦ જેટલા પશુઓના વૈજ્ઞાનિક ઢબે નિભાવ- રહેઠાણ માટેની સુઆયોજિત વ્યવસ્થાનો સમાવેશ થાય તેવા બે પશુઘરનો પ્રસ્તાવ મંજુરી અર્થે મુકેલ છે. આ પશુઘર શહેરમાં ઉપદ્રવી અને ખુલ્લા ફરતા પશુઓની હેરાનગતિને ઘટાડીને કચરા વ્યવસ્થાપનમાં પણ મદદરૂપ થવાની સાથે શહેરના સર્વાંગી વિકાસ અને સ્વચ્છતામાં પણ ઉપયોગી થશે. આ પ્રકારના પશુઘરમાં પશુઓને તેના માલિકના ઘરની બાજુમાં તથા ફળિયા કે ઘરોના અંતમાં રાખવામાં આવશે. જે પશુઓના રહેઠાણ અને પાણીની સુવિધાવાળા, સૂકા ઘાસચારાના સંગ્રહની વ્યવસ્થા વાળા તથા દૂધ વેચાણની સાથે દૂધ ઉત્પાદનોની બનાવટ અને વેચાણ થઇ શકે એવી સુવિધાથી સુસજ્જ હશે. ગાયના છાણ માંથી તેના માલિકને ગેસનું ઉત્પાદન અને જોડાણ આપી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હશે. વધુમાં દરેક પશુપાલકો નજીકના ગામના ખેડુતો સાથે તેમને જરૂરી એવા લીલા ચારા માટે પહેલેથી જ જોડાયેલા છે, જે વ્યવસ્થાને વધુ મજબુત કરવામાં આવશે.



ભુજના અમનગર ખાતે મહેમાનો અને માલધારીઓ દ્વારા 'મિલ્ક કલેક્શન સેન્ટર"નું ઉદ્ઘાટન



સ્થાનિક દાતાઓના સહયોગથી પશુઓ માટે સુકા ચારાના વિતરણની ગોઠવણ

સહજીવન તેમજ સાત્વિક સંસ્થા દ્વારા ભુજ શહેરી માલધારીઓની આવક જાવકને સમજવા માટે એક અભ્યાસ હાથ ધરેલ જે અભ્યાસના અંતમાં એવું પણ જાણવા મળ્યું કે આશરે ૨૦ ગાયો ધરાવતો પશુપાલક પ્રતિ માસ ઓછામાં ઓછી રૂપિયા ૨૦૦૦૦ થી ૨૫૦૦૦/- ની આવક મેળવી શકે છે. આ સુવિધા બીજાં મહત્વનાં પાસાઓને આવરી લે છે, જેમ કે ચોખ્ખા દૂધનું ઉત્પાદન, દૂધનું ઉત્પાદન કરતા પશુ પાલકો અને તેનો ઉપયોગ કરતાં ગ્રાહકો વચ્ચે સીધો સબંધ થવાથી ડેરી માટે ઉભી કરવી પડતી વેલ્યુ ચેઇનની જરૂરિયાત ઘટતાં દુધના ભાવમાં પણ ઘટાડો થશે, રોડ ઉપર રખડતાં ઢોરોનો ઉપદ્રવ બંધ થશે, પશુઓના ખોરાક તરીકે આપણા રસોડાંના ભીના કચરાનો સુયોગ્ય ઉપયોગ થશે તથા પશુઓના સ્વાસ્થ્ય અને જીવન નિર્વાહમાં પણ ચોક્કસ સુધારો થશે. ભુજ શહેરના પશુધનને ધ્યાનમાં રાખીને, આવાં ૧૩ થી ૧૫ પશુઘરોની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવે તો સમગ્ર શહેરની જરૂરિયાતના ૫૦% થી ૭૦% દૂધનું ઉત્પાદન ભુજ શહેરમાં જ શક્ય બની શકે.

સહજીવન, હુન્નરશાળા અને સાત્વિક જેવી ત્રણ સંસ્થાઓ સાથે મળીને "હોમ્સ ઇન ધ સીટી" (એચ.આઈ.સી.)કાર્યક્રમ અંર્તગત અમલી કરાયેલી આ કામગીરીમાં અત્યાર સુધી નીચે મુજબ સફળતા મળી શકી છે.

1. પશુઓનો અને પશુપાલકોનો પશુપાલન વ્યવસાયના સર્વાંગી પાસાઓને આવરીને ખુબ જ ઊંડાણથી સર્વે થયેલો છે.
2. ૨૦૧૬માં આવા આશરે ૧૧૫ પશુપાલકો દ્વારા એક પશુપાલક સંગઠન શહેર માટે રજીસ્ટર કરવામાં આવ્યું છે. જે ૧૧ સભ્યોની કારોબારી પણ ધરાવે છે.

સજીવખેતી કરતા શ્રી મનોજભાઈ સોલંકીનું એવું કહેવું છે કે

" ભુજ શહેરના માલધારીઓ આજે ઓછા ભાવે વધુ પૌષ્ટિક દૂધ આપણને આપી રહ્યાં છે. જો આ લોકોએ દૂધ ઉત્પાદન બંધ કર્યું તો કદાચ આપણને ફરજીયાત વધુ ભાવે નીચી ગુણવત્તાનું દૂધ લેવું પડશે."





શહેરમાં એનિમલ હોસ્ટેલ બનાવવા તેમજ સીધા માલધારી દ્વારા જ દુધના વિતરણની વ્યવસ્થા માટે હાથ ઉંચો કરીને સહમતી દર્શાવતા સહભાગીઓ.


દૂધ લેનાર ગ્રાહકો દ્વારા જાણવા મળ્યું છે કે

**માલધારીના ગાયના દુધના રૂ ૫૦ પ્રતિ લીટરે આપવા તૈયાર છું મારા બાળકોના સ્વાસ્થ્ય માટે સ્વચ્છ અને શુદ્ધ દૂધ ખુબજ જરૂરી છે. ગાય જે દૂધ આપી રહી છે તે હું મારી નજર સામે જોઈ શકું છું. તેથી તેની શુધ્ધતા માટે મને વિશ્વાસ છે.**


3. આ સંગઠન દ્વારા સૂકા ચારાની ખરીદી માટે દાતાઓ સાથે જોડાઈને કાર્યવાહી હાથ ધરાઈ છે.
4. સરહદ ડેરી સાથે સંકલન કરી દૂધનું કલેક્શન સેન્ટર પણ શરુ કરેલ છે. વધારાનું દૂધ ડેરીમાં આપવાનું નક્કી કરેલ છે.
5. પ્રધાન મંત્રી આવાસ યોજનાની સાથે સાથે ગૌચર ગૌ સેવા આયોગે મચ્છુનગરના રહેવાસીઓ તથા તેમના આશરે ૫૦૦ મોટા પશુઓ અને ૨૦૦૦ નાના પશુઓ માટે "પશુઘર" બનાવવાની જોગવાઈને મંજુરી આપી છે.
6. આશરે ૨૫૦ પશુઓના ગૌમૂત્રના સપ્લાય સામે સજીવ ખેતી કરતાં ખેડૂતો લીલો ચારો આપવા તૈયાર થયા છે.

ભવિષ્યનું આયોજન :

- શહેરમાં શુદ્ધ દૂધ મળી રહે એ માટે દુધના પાર્લર, દુકાનો ખોલવી અને પશુ સંગઠન દ્વારા તેનું સંચાલન થાય.
- ખેતીવાડી માટે ગાયના મૂત્ર અને છાણનો ઉપયોગ વધારીને પશુપાલન વ્યવસાયમાં આર્થિક પરિસ્થિતિને સુધારવી, તેમજ વધુમાં આ પદ્ધતિ દ્વારા લીલા અને સૂકા ચારાની ઉપલબ્ધતામાં વધારવાનું આયોજન.
- ભુજ શહેરના પશુધન માટે સરકારની વથાણની જગ્યા આપવા માટેની પ્રક્રિયા હાથ ધરવી.
- ભુજ શહેર પશુ ઉછેરક માલધારી સંગઠન ની કાર્ય ક્ષમતામાં વધારો થાય એવી પ્રક્રિયાઓ કરવી.
- જંગલ ખાતા સાથે રહીને ચરિયાણ માટે કામ કરવું. રખાલમાં ચરાવવા માટે કઈ રીતે પશુપાલક લઇ જઈ શકે તેનું આયોજન જંગલ ખાતા સાથે કરવું.




પ્રાસ્તાવિક એનિમલ હોસ્ટેલનો કોન્સેપ્ચ્યુઅલ ડાયાગ્રામ


પીવાનું પાણી
પશુઓ માટે શેડ
મિલ્ક ચીલિંગ પ્લાન્ટ
ચારાનું ગોદામ
મિલ્ક પાર્લર
માલધારીઓ માટે હોમ સ્ટે
અન્ય ઘરોમાં બાયોગેસ પહોંચાડવાનો માર્ગ



# 07 મહિલા સશક્તિકરણ અને સલામતી

કચ્છ મહિલા વિકાસ સંગઠન પ્રેરિત શહેરી બેહનો નું સંગઠન “સખી સંગીની“ મહિલાઓ અને કિશોરીઓ ને એક મંચ ના માધ્યમ થી તેમને યોગ્ય તક, માર્ગદર્શન, ઘડતર પૂરું પાડે છે. અલગ અલગ કાર્યોના માધ્યમથી તેઓની આગેવાનીને નિખાર આપવામાં આવે છે. આ સંગઠનનો મુખ્ય ધ્યેય મહિલા સશક્તિકરણ અને સલામતીનો છે, અને નીચે મુજબની કામગીરી કરે છે .

બહેનો અને તેમના પરિવારોને તેમની નાણાકીય જરૂરિયાતો માટે સ્વસહાય જૂથોનાં માધ્યમથી સરકારી તેમજ બેંકની વિવિધ યોજનાઓ સાથે એ રીતે જોડવા માં આવે છે કે જેથી તેઓને શાહુકારો / શોષણખોરો માંથી મુક્તિ મળે અને ધીરે ધીરે સ્વસહાય જૂથો પોતાના સભ્યો અને તેમના કુંટુંબોની સામાજિક સુરક્ષા માટે વ્યવસ્થા પોતાની આવક માંથી જ કરે. સંગઠન દ્વારા અત્યાર સુધી કુલ ૧૮૭ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે, જેમાં કુલ ૨૭૭૦ સભ્યો જોડાયા છે. આ જૂથો ની કુલ બચત રૂ ૯૧,૨૧,૫૦૦/- જેટલી થઇ છે અને કુલ રૂ ૩,૮૫,૦૦,૦૦૦/- જેટલું આંતરિક ધિરાણ કર્યું છે. ઉપરાંત જરૂરિયાતમંદ સભ્યોને મકાન બનાવવા ધિરાણ અર્થે અન્ય જગ્યાએથી ફંડ એકત્રીકરણ કરી ૧૨૬ સભ્યોને રૂ ૪૫,૦૦,૦૦૦/- નું ધિરાણ આપેલ છે .

શહેરમાં હિંસામુક્ત સલામત વાતાવરણનું નિર્માણ થાય એ માટે “હેલ્લો સખી“ હેલ્પ લાઈન અને “સેફટી સેન્ટર”ના માધ્યમથી બહેનો અને દીકરીઓને જરૂરી માહિતી/ તાલીમો / માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. બહેનોની પેરા લીગલની તાલીમો માટે કોર્ટ તેમજ મિડિએશન સેન્ટર સાથે જોડાણ કરવામાં આવેલ છે. વિસ્તાર માં સલામતી નાં પ્રશ્નો માટે બહેનો સાથે અસલામત જગ્યાઓનું આંકલન તૈયાર કરવામાં આવે છે અને સલામતીના પ્રશ્નોને એરિયા અને વોર્ડ સમિતિના માધ્યમથી નગર પાલિકા/ પોલીસ તંત્ર વગેરે સામે મૂકીને યોગ્ય પગલા લેવા માટે સંવાદ થાય છે. અત્યાર સુધી આવી ૫૭ પેરા લીગલ બહેનો તૈયાર થઇ છે, અને કુલ ૩૭૪ કેસો ની કામગીરી થઇ છે.





પોતાના હિસાબો લખવામાં વ્યસ્ત સ્વ સહાય જુથના સભ્યો

શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારોમાં સરકારી યોજનાઓ માટેની જાગૃતિ ઉભી થાય અને આ યોજનાઓની સેવાઓ નિયમિત અને ગુણવત્તા સભર મળે એ માટે સખી સંગીની ની આગેવાનો દ્વારા જાગૃતિ અભિયાન અને દેખ રેખ પદ્ધતિ વિકસાવવા માં આવી છે. ૨૧ આંગણ વાડી, ૧૦ પ્રાથમિક શાળાઓ અને ૮ સસ્તા અનાજ ની દુકાનોમાં આ કામગીરી અત્યારે ચાલે છે.

ગરીબ વિસ્તારોનાં લોકોને કાયદેસરનાં રહેવા લાયક આવાસો મળી રહે એમાટે સંગઠન એચ.આઈ.સી. ની સાથી સંસ્થા " હુન્નરશાળા " સાથે કામ કરે છે અને લોકો સાથે આ માટે સમાજિક પ્રક્રિયા કરવાની જવાબદારી ઉપાડે છે. અત્યાર સુધી આ રીતે ૧૨૬ ધિરાણ આધારિત મકાનો અને આવાસ યોજના હેઠળ ૩ વિસ્તારોમાં ૩૧૪ કુટુંબો માટે મૂળભૂત સગવડો સાથેનાં મકાનોનું કામ થઇ રહેલ છે.

સમાજનાં સૌથી વંચિત સમુદાયની બહેનો જેમકે કચરા એકત્રિકરણ કરતી બહેનો, દેહ વ્યાપાર કરતી બહેનો, સ્થળાંતરિત બહેનો વગેરેની પરીસ્થિતિ સમજીને એમને સખી સંગીની સાથે જોડીને તેમને આવતી મુશ્કેલીઓના નિવારણ માટે પ્રયાસ કરવામાં આવે છે. હાલે દેહ વ્યાપાર કરતી ૮૫ બહેનોની મુલાકાત લઇ તેમની પરીસ્થિતીનું દસ્તાવેજીકરણ કરવામાં આવ્યુ છે. તેમને એચ.આઈ.વી-એઇડ્સ જેવી બીમારી સામે સલામત કરવા માટે જનરલ હોસ્પિટલ સાથે તેમના નિયમિત હેલ્થ ચેકઅપનું આયોજન કરવા માં આવે છે, તેમને આવા ગુપ્ત રોગ સામે રક્ષણ મળે એ માટે આરોગ્ય ખાતા સાથે સંકલન કરીને સાધનોનું વિતરણ કરવામાં આવે છે

ઉપરાંત સંગઠન દ્વારા શહેરની અસંગઠિત ક્ષેત્રમાં મજુરી કામ કરતી બહેનોની પરિસ્થતિને સમજવા માટે આણંદના


રામદેવનગરમાં 'રાજીવ આવાસ યોજના"ના લાભાર્થીઓ સાથે બેઠક

'ઇન્સ્ટીટ્યુટ ઓફ રૂરલ મેનેજમેન્ટ" સાથે એક ઊંડાણપૂર્વકનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

આ વર્ષ થી સખી સંગીનીના વિસ્તારોની કીશોરીઓને પણ સંગઠિત કરવાનું શરુ થયું છે અને એમનો એ પ્રકારે ઉછેર કરાય છે, કે જેથી આ નવી પેઢી  અત્યાર થી જ પોતાના હક્કો અને અધિકારો ને સમજે, સમાજ સાથે તે માટે સંવાદ કરે અને ભવિષ્યમાં સારા નાગરિક બને. આ રીતે હાલ માં કુલ ૩૦૦ કિશોરીઓનું સંગઠન તૈયાર કરવામાં આવ્યુ છે.

ઉપરાંત સખી સંગીની દ્વારા તૈયાર થયેલ આગેવાન બહેનો એરિયા અને વોર્ડ સમિતિઓ માં પણ સક્રિય ભૂમિકા ભજવે છે .

ભવિષ્યનું આયોજન

- સખી સંગીનીનો વ્યાપ અન્ય વિસ્તારોમાં વધારવો અને આર્થિક અને સામાજિક રીતે સારી પરિસ્થિતિ વાળી બહેનો અને વંચિત બહેનો વચ્ચે સંવાદ અને સંવેદના ઉભી થાય એવા પ્રયત્નો કરવા.
- શહેર બહેનો અને કિશોરીઓ માટે સલામત થાય એ તરફ વધારે કાર્યક્રમો /તાલીમો/ સરકારી તંત્ર સાથે જોડાણ કરવું અને સેન્ટરોના માધ્યમથી નક્કર કામો કરવા.
- અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓની આર્થિક સધ્ધરતા માટે સંગઠિત કરી, નિષ્ણાતો દ્વારા વ્યવસાયલક્ષી તાલીમો અપાવવી, તેમણે યોગ્ય વ્યવસાયો સાથે જોડવા અને તેમને કાયદેસરના યોજનાકીય લાભો મળે તેવા પ્રયત્નો કરવા.



મીટિંગમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરતા સખિ સંગીનિના કેડર સભ્યો



કિશોરી મેળામાં ગમ્મત સાથે જ્ઞાનની પ્રવૃત્તિમાં વ્યસ્ત કિશોરીઓ

- શહેરમાં સેક્સવર્ક સાથે જોડાયેલી બહેનોની પરિસ્થિતિ જાણી તેમને આરોગ્યના મુદે સુરક્ષિત કરવા માટે તંત્ર સાથે સંકલન કરવું. તેમને આ વ્યવસાયમાંથી મુક્ત કરીને અન્ય વ્યવસાયમાં જોડવા માટે પ્રયત્નો કરવા.
- શહેરમાં થોડા સમયથી વસેલી સ્થળાંતરિત મહિલાઓના મુદાઓને સમજવા, એમને સખી સંગીની સંગઠનની મુખ્ય ધારા સાથે જોડવા, એમની સલામતી અને સુરક્ષાના મુદ્દે કાર્ય કરવું.
- કિશોરીઓ સંગઠનનો વ્યાપ વધુ વિસ્તારોમાં વધારવો, સખી સંગીનીના મંચ દ્વારા તેઓ ના પ્રશ્નો નો ઉચ્ચાર કરી શકે અને સમાજ સાથે આ અંગે સંવાદ કરી શકે એ માટે અલગ અલગ પ્રવૃતિઓ હાથ ધરવી, તેઓ પોતાનું શિક્ષણ ફરીથી શરુ કરી શકે એ પ્રકારના પ્રયત્નો હાથ ધરવા.
- સરકારી પાયાની યોજનાઓ ( આંગણવાડી/ પ્રાથમિક શાળાઓ/ સસ્તા અનાજની દુકાનો ) ગુણવત્તા સભર અને નિયમિત રીતે મળે એ માટે સખી સંગીનીની કેડર મારફત વધારે વિસ્તારોમાં કામ કરવું.



લીગલ મુદ્દે તાલીમ બાદ પ્રમાણપત્ર સાથે પેરા લીગલ કેડર્સ




# 08 ફોર્મલાઇઝિંગ વેન્ડર્સ અને ટ્રાફિક મેનેજમેન્ટ


સમગ્ર વિશ્વમાં રસ્તાઓ/ શેરીઓએ પારંપરિક શહેરોના જીવંત સ્થળો રહ્યા છે ખાસ કરીને માલસામાન, માહિતી તેમજ સંસ્કૃતિના આદાનપ્રદાન માટે મહત્વપૂર્ણ મંચ બન્યા છે. માલ સમાનની હેરફેર એ માનવ સમુદાયના મોટા હિસ્સા માટે આજીવિકાનો એક ટકાઉ સ્ત્રોત રહ્યો છે. એક સ્થળથી બીજા સ્થળનું જોડાણ, તેમજ પાયાગત સુવિધાઓની સેવાનું વિતરણએ શેરીઓ/ રસ્તાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી અનેક સેવાઓ પૈકીની મહત્વની સેવાઓ રહી છે. પરંતુ બદલાતા સમય સાથે આદાન પ્રદાન માટેના સ્થાનની બદલે રસ્તાઓ માત્ર પાયાગત સગવડોની સેવા પૂરી પાડવાનું માધ્યમ બની રહ્યા, અને ધીમે ધીમે આદાનપ્રદાનની જગ્યાઓ શેરી/ રસ્તાઓથી હટીને ખાસ સ્થળોએ તબદીલ થઈ, અને મોટર વાહનોએ આક્રમક રીતે પોતાનું સ્થાન રસ્તાઓ પર લેવાનું શરુ કર્યું, અને પરિસ્થિતિ એવી સર્જાઈ કે આજે આપણે કોઈ પણ શહેરના રસ્તાનો ખ્યાલ કરીએ તો, માનસપટ પર વાહનો સિવાય બીજું કંઈ જ દેખાતું નથી.

આ પરિસ્થિતિ એ શહેરી આયોજનના ટોપડાઉન મોડેલનું પરિણામ છે જેમાં રસ્તાનો ઉપયોગ માત્ર વાહનો માટે છે જેમાં પગે ચાલનારાઓ, ફેરીયાઓ માટે કોઇ વ્યવસ્થા રાખવામાં નથી આવતી. વધુમાં ખાસ કરીને આવા પ્રકારનું આયોજન એવા પ્રોફેશનલ્સ દ્વારા કરવામાં આવે છે  જેમનો ઈન્જીનીયરીંગ પાસું તો ખુબ જ મજબુત હોય છે પણ સામાજિક વિજ્ઞાનમાં તેઓ પારંગત નથી હોતા, જેના પરિણામે નીચલા સ્તરે “આયોજિત” અને “બિન આયોજિત” નહિ પરંતુ “વાસ્તવિક” શહેરી જગ્યાઓ વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. લારીવાળા/ ફેરિયાઓ એ આ સંઘર્ષમાં આગેસરનું સ્થાન ધરાવે છે. માત્ર ભારતમાં જ નહિ, સમગ્ર વિશ્વમાં ખાસ કરીને દક્ષિણ વિશ્વમાં શેરી વિક્રેતાઓને શહેરના રસ્તા પરથી દુર કરવાએ એક સામાન્ય બાબત છે.

ભુજના સંદર્ભમાં :
ભુજ એક વિસ્તરેલું શહેર છે જેમાં પ્રતિવ્યક્તિ રસ્તાઓનું ક્ષેત્રફળ વધારે છે. ત્રીજા ભાગની વસ્તી  અનૌપચારિક ઝૂંપડપટ્ટીમાં રહે છે, જેમાં સમાજના આર્થિક રીતે નબળા વર્ગના લોકો રહે છે. આ અનૌપચારિક વસાહતોમાં રહેવાવાળા




જ્યુબીલી સર્કલથી ભુજ હાટ વચ્ચે સવારથી સાંજ દરમ્યાન રહેતા ફેરીયાઓના પ્રકાર





ભુજ શહેરમાં ફેરીયાઓની ગીચતા

લારીવાળાઓ અને ફેરિયાઓ માટે આજીવિકા નું મહત્વપૂર્ણ વિકલ્પ છે. જો કે, વારંવાર આયોજિત શહેરના સતાવાળાઓ તથા લારીવાળાઓ જે બિનઆયોજિત શહેરનો ભાગ છે તેમની તકરાર થતી રહે છે. જેના કારણે લારીવાળાઓ જે આર્થિક રીતે નબળા વર્ગના છે તેઓ આર્થિક અને સામાજિક રીતે અસુરક્ષિત થઇ જાય છે. એટલે એ જરૂરી છે કે આ તકરાર ને વાસ્તવિકતાઓ ધ્યાનમાં રાખીને અને ન્યાય પધ્ધતિ થી ઉકેલવામાં આવે અને શહેરના આયોજનમાં તેમને નિયત સ્થાન આપવામાં આવે.

ભારત સરકારે લારીવાળા/ ફેરિયાઓના મુદ્દાઓને સંબોધવાના પ્રયાસરૂપે, કેટલાક કાનૂની આદેશો શરૂ કર્યા છે, જેમાં નિયમો, દિશા નિર્દેશો, યોજનાઓ વગેરેનો સમાવેશ થાય છે. રાષ્ટ્રિય શહેરી આજીવિકા મિશન (NULM) ની યોજના હેઠળ, શહેરોમાં લારીવાળાઓ ને 'સંગઠિત' કરવા માટે ઘણી પ્રવૃતિઓ દર્શાવેલ છે. 'શહેરી લારીવાળાઓ અને ફેરિયાઓ માટે સમર્થન'(એસ.યુ.એસ.વી.) નામના ઘટકની સ્થાપના કરવામાં આવેલ છે જે સીધો લારીવાળાઓ સાથે જોડાયેલ છે. ભારત સરકારનો કાયદાકીય આદેશ લારીવાળાઓ માટે એક પ્રમાણભૂત વ્યાખ્યાને અનુસરે છે, જે સુપ્રીમકોર્ટ દ્વારા સૂચવવામાં આવ્યું હતું અને તે નીચે મુજબ છે:

**"ફેરીયો એક એવી વ્યક્તિ છે જે પોતાની પ્રવૃત્તિઓ માટે કોઇ પણ પ્રકારની સુવિધા વગર લોકોને વિવિધ સામાન વેંચે છે. કેટલાક ફેરીયાઓ સ્થાઇ હોય છે જે ફુટપાથ અથવા જાહેર કે ખાનગી સ્થળ પર ચોક્કસ જગ્યાએ બેસે છે જ્યારે કેટલાક ફેરીયા અસ્થાઇ હોય છે જે લારી કે પોતાના માથા પર સામાન લાદીને વિવિધ જગ્યાએ વેંચવા નીકળે છે."**



ભુજના જ્યુબીલી માર્ગ પર ફેરીયાઓ




પ્રાસ્તાવિક બજારના ડિઝાઇનિંગ અને આયોજન પહેલાં ફેરીયાઓ સાથે ચર્ચા વિચારણા

NULM- શહેરી લારીવાળાનો અને ફેરિયાઓ માટે સમર્થન(SUSV)

NULM યોજનાના SUSV ઘટક અંતર્ગત શહેરી સ્થાનિક સંસ્થાઓ (યુ.એલ.બી.) દ્વારા શહેરમાં લારીવાળાઓ ની આજીવિકાના મુદ્દાઓને સંબોધવા માટેની માર્ગદર્શિકાને સ્પષ્ટ કરેછે. આ ઘટકનો ઉદ્દેશ નીચે પ્રમાણે છે:

- લારીવાળાઓનું  સર્વેક્ષણ કરવું અને તેમને ઓળખ કાર્ડ આપવું
- શહેરી લારીવાલાઓની સમિતિની રચના અને તેમને સંગઠિત કરવા માટેનું આયોજન
- શહેરમાં વેન્ડિંગ ઝોનનું વિકાસ
- લારીવાળા અને ફેરિયાઓની તાલીમ અને કૌશલ્ય વિકાસ
- આર્થિકવિકાસ માટે નાણાકીય સમાવેશ
- વ્યવસાય માટે નાણા ની વ્યવસ્થા
- સામાજિક સુરક્ષા માટેની યોજનાઓ સાથે જોડાણ

ગુજરાત સરકારે SUSV ઘટક હેઠળ પહેલેથી જ તેની માર્ગદર્શિકા ઘડી કાઢી છે અને અમલીકરણ સાથે આગળ વધવા માટે રાજ્યભરના શહેરોને નિર્દેશન કર્યું છે. એજન્સીઓને પહેલેથીજ લારીવાળાઓનું સર્વેક્ષણને અમલમાં મૂકવા માટે પેનલ કરવામાં આવી છે, અને પરિણામે SUSV ઘટકનો પ્રથમ ઉદ્દેશ પરિપૂર્ણ કર્યો છે. ભુજ નગરપાલિકા હાલમાં શહેરવ્યાપી લારીવાળાઓનું સર્વેક્ષણ અને અસ્થાઈ શહેરી લારીવાળાઓની સમિતિની રચના કરવા તરફ કામ કરી રહી છે.




જ્યુબીલી સર્કલથી ભુજ હાટ વચ્ચે ફેરિયાઓ માટેના પ્રાસ્તાવિક પુનઃસ્થાપન આયોજનનું દ્રશ્ય.


એવું માનવામાં આવે છે કે ભુજ લારીવાળાઓ માટે એક વધુ સંકલિત અને યોગ્ય શહેર તરફ આગળ વધે છે, જે શહેરની અનૌપચારિક અર્થતંત્રનો આવશ્યક ભાગ છે. આ સમાજમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકાને માન્યતા મળવી જોઈએ અને તેમને વિનિમય માટેનું મંચ પૂરું પાડવું જોઈએ જેના માટે તેઓનો  પૂર્ણ રીતે હક છે. ભુજ શહેરના વિક્રેતાઓને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ સાથે જોડીને સામાજિક અને આર્થિક સલામતી માટેની જોગવાઈની રચના કરીને તેને વધુ મજબૂત કરી શકાય છે. શહેરી લારીવાળાઓ ની નબળાઈઓને સંબોધવા માટે બહુપક્ષી અભિગમ જરૂરી છે. આ સંદર્ભમાં હાલના સંઘર્ષોને ધ્યાનમાં રાખીને તેની ચકાસણી કરવા માટે, એક પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જે શહેરના મહત્વપૂર્ણ સ્થળ જુબિલી ગ્રાઉન્ડ સર્કલથી ભૂજહાટ સંકુલ સુધી વિસ્તરેલો છે. આનાથી એમની તકરારને સમજવાની અને કાનૂની, ભૌતિક અને સામાજિક સીમાઓની આપેલ ફ્રેમમાં ઠરાવની શક્યતાઓ જોવાની તક મળશે. આ રસ્તા ઉપર બેઠેલા ફેરીયાઓ માટે જે પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યો છે તેની વિશેષતાઓ નીચે મુજબ છે.

સહભાગી અભિગમ સાથેનો પ્રસ્તાવ

1. રસ્તા પર જે જગ્યા આવેલી છે તેનું ૧૦૦% વ્યવસ્થાપન અને ઉપયોગ. આ માટે રુબરુ, વ્યસ્ત કલાકોમાં વાહનોની સંખ્યાનું સર્વેક્ષણ, લારીઓ અને ફેરીયાઓની સંખ્યાનું સર્વેક્ષણ તેમજ તેમની સાથે જોડાયેલા લોકો સાથે ચર્ચા કરી સરવે કરવામાં આવ્યો છે.
2. આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં એ બાબતનું ધ્યાન રખાયું છે કે જ્યારે જે સ્થળે વેંચાણ ન થતું હોય ત્યારે એ જગ્યાનું આસપાસના લોકો બાગ બગીચા તરીકે ઉપયોગ કરી શકે.
3. આ પ્રસ્તાવમાં ગ્રાહકો માટે ચાલવા તેમજ હરવાફરવાની તેમજ તેમના વાહનો ઉભા રાખવા માટેની પર્યાપ્ત જગ્યા રાખવામાં આવી છે.



જ્યુબીલી સર્કલથી ભુજ હાટ વચ્ચેના માર્ગનું હાલનું ક્રોસ સેક્શન



જ્યુબીલી સર્કલથી ભુજ હાટ વચ્ચેના માર્ગનું પ્રાસ્તાવિક ક્રોસ સેક્શન

હાલની પરિસ્થિતિ :

1. ઉપરોક્ત પ્રસ્તાવની નગરપાલિકાના હોદ્દેદારો સાથે ચર્ચા કરવામાં આવી છે.
2. ભુજ નગરપાલિકા ટાઉન વેન્ડિંગ કમિટીની રચના કરવાની પ્રક્રિયા કરી રહી છે સાથે સાથે સરકાર માન્ય એજન્સી મારફત વેન્ડર સરવે કરાવી રહી છે.

ભવિષ્યનું આયોજન :

- ભુજ નગરપાલિકા સાથે મળીને ટાઉન વેન્ડિંગ કમિટીની રચના કરવી.
- ભુજ શહેરમાં વેચાણ માટેની મહત્વપૂર્ણ જગ્યાઓ ઓળખવી અને વેન્ડિંગ પ્રવૃતિઓનો તેના આર્થીક અને જગ્યાની દ્રષ્ટીએ કેટલો વ્યાપ રહેશે તેની ખાત્રી કરવી.
- ભુજના જુના ભાગોમાં જ્યાં રોડને પહોળા કરવાનું પણ શક્ય નથી અને ત્યાંથી વિક્રેતાઓને અન્ય જગ્યાએ ગોઠવવાનું પણ શક્ય નથી તેવી પરિસ્થિતિ માટે ઉપાયો શોધવા.
- વિક્રેતાઓ( લારીવાળાઓ), ફેરિયાઓ, દુકાન માલિકો, રાહદારીઓ વગેરે સ્ટેકહોલ્ડરો સાથે સંવાદ શરુ કરવો.
- શહેરમાં વિક્રેતાઓના અધિકારો, કાયદો અને કાનૂની માપદંડો વગેરે માહિતીનો પ્રસાર કરવો.
- ૫. વિક્રેતાઓ (લારીવાળાઓ) અને અન્ય સ્ટેકહોલ્ડરો સાથે રસ્તાઓ પર જગ્યાની ફેર ગોઠવણ માટે ચર્ચા અને વર્કશોપનું આયોજન કરી તેના દ્વારા રસ્તા પરની તકરાર અને ભીડને ટાળવા.



# ০9 દેસલસર તળાવનું પુનઃસજીવન

વર્ષોથી તળાવોએ સમગ્ર વિશ્વમાં માનવ વસાહતોનો મહત્વપૂર્ણ હિસ્સો રહ્યા છે.પાણીના મુખ્ય સ્ત્રોતની સાથે, તળાવો એ માનવ વસાહતો માટે સામુદાયિક સ્થળોની અગત્યની ભૂમિકા ભજવી છે. સમુદાયો માટે તળાવો ધાર્મિક રીતે અગત્યનું સ્થળ ધરાવે છે. વધતા જતા શહેરીકરણ અને ઔદ્યોગીકરણ તેમજ પાઈપ દ્વારા પાણી વિતરણ વ્યવસ્થાને લઈને પરંપરાગત રીતે ઉપયોગી એવા તળાવો તરફ શહેરીજનોમાં ઉદાસીનતા પ્રવર્તવા લાગી અને ધીરે ધીરે આ જળસ્રોતો કચરા ઠાલવવા માટેનું સ્થાન અને શહેરી વિકાસના ભાગ રૂપે ઈમારતોના ઢગમાં બદલાવવા લાગ્યા. દેશલસર તળાવ આવી જ સમસ્યાઓથી ઘેરાયેલ ભુજ શહેરનું એક ઐતિહાસિક તળાવ છે. એ ખરેખર આશ્ચર્યજનક છે કે પહેલાં ભુજમાં ૮૩ તળાવો હતા જે ૨૦૧૧માં માત્ર ૪૩ તળાવો નોંધાયા છે (એક્ટ ૨૦૧૧). તેમજ આ સંખ્યા ઉત્તરોતર ઘટી રહી છે. આથી ભુજના અગ્રગણ્ય તળાવોમાંથી એક એવા દેસલસર તળાવની ડિઝાઇન અને હાઇડ્રોલોજીકલ રીતે કાયાકલ્પ કરવા માટે પસંદગી કરાઇ છે. આ એક એવું ઉદાહરણ ઉભું કરવાનો પ્રયાસ છે કે જેના આધારે શહેરના અન્ય તળાવોનું સંરક્ષણ થઇ શકે.

દેશલસર તળાવ :
દંતકથાઓ મુજબ મહારાઓશ્રી દેશલજીના સમયમાં દેશલસર તળાવ ભુજ શહેરમાં આવતા યાત્રિકોને ફ્રેશ થવા માટે બનાવવામાં આવેલું હતું. મુખ્યત્વે આ તળાવનો ઉપયોગ બકાલી સમુદાય દ્વારા તેમના જીવનનિર્વાહ અર્થે પાણીની વિવિધ જરૂરિયાત સંતોષવા કરવામાં આવતો હતો. ઉપરાંત શાકભાજીના ઉત્પાદન માટે પણ તેઓ આ તળાવનું પાણી વાપરતા હતા. હાલમાં દેશલસર તળાવ તેની ફરતે ગેરકાયદેસર માનવ વસાહતો અને વિવિધ પ્રકારની નાની મોટી દુકાનો અને વાહન રીપેરીંગ કરવાના સર્વિસ સ્ટેશનથી ઘેરાયેલ છે. પ્રત્યક્ષ રીતે ગટર અને ઘન કચરાને તળાવમાં ફગાવવાથી તળાવનું પાણી અને પર્યાવરણ પ્રદુષિત જોવા મળે છે. સામાન્ય રીતે તળાવની ફરતે વિકસેલ ગેરકાયદેસર વસાહતો તેમના પશુઓને નવડાવવા તેમજ કપડા ધોવા માટે આ પાણીનો ઉપયોગ કરે છે. ઘન કચરા અને ગટરના પ્રદુષણને લીધે તળાવના પાણીની ગુણવત્તા જોખમી બનેલ હોઈ, પીવા માટે ઉપયોગમાં લઇ શકાય



તળાવમાં ઠલવાતો કચરો

તેમ નથી. ગેરકાયદેસર દબાણ અને પ્રદુષણના કારણે તળાવની જૈવ વિવિધતા અને પર્યાવરણ પર પણ જોખમ વધ્યું છે. તળાવના એક અગત્યના ભાગ પર દરરોજ શહેરના દુધાળા પશુઓને મોટા જથ્થામાં લીલો ચારો આપવામાં આવે છે જેના લીધે પણ આ તળાવનું પર્યાવરણ પ્રદુષિત થાય છે. આજે પણ દેશલસર તળાવ કેટલાક દુર્લભ પક્ષીઓનું રહેઠાણ છે અને આ પક્ષીઓના વસવાટને લઈને તળાવ ખુબ જ સુંદર અને રળિયામણું લાગે છે. ભુજ જેવા અર્ધશુષ્ક વિસ્તારમાં આવેલ શહેરોમાં આખું વર્ષ ચોક્કસ માત્રામાં તળાવમાં પાણી મળી રહેવું એ પશુ પક્ષી જીવો માટે જીવાદોરી સમાન છે અને ખુબ જ અગત્યની બાબત છે.

દેશભરમાં શહેરી સરોવરોનું પ્રબળ ઘટાડો સામાન્ય વાત બની ગઈ છે. તેના માટેના મુખ્ય કારણો પૈકી એક ખોટી માન્યતા એ છે કે શહેરોના સંદર્ભમાં સરોવરો અસબંધિત બની ગયા છે, અને તેમની ઉપયોગીતા ધીમે ધીમે ભૂલાઈ રહી છે અને તે સામાન્ય રીતે કચરાના ડમ્પિંગ તેમજ વધતા જતા શહેરીકરણને પહોંચી વળવા નવી વસાહતોના નિર્માણ માટેની અમુલ્ય જગ્યા છે. શહેરો માટે મુલ્યવાન સ્ત્રોત તરીકે આ તળાવો તરફ ફરી જોવું જરૂરી છે. આવા સરોવરોના ઘણાં અગત્યના કાર્યોને સ્વીકારવા અને સંરક્ષિત કરવાની જરૂર છે, જે શહેરના નાગરિકો તેમજ પક્ષીઓ અને પ્રાણીઓ માટે વધુ ઉપયોગી બનશે.


શહેર દ્વારા અનિયંત્રિત શોષણના કારણે શહેરી સરોવરોના અધઃપતનને રોકવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.



દેશલસર તળાવ અને તેની આસપાસનું દ્રશ્ય

દેશલસર તળાવના નવીનીકરણ અને પર્યાવરણીય સરંક્ષણ માટે, તળાવની મુખ્ય પ્રવૃતિઓને સંપૂર્ણ અને ટકાઉ રીતે સંગઠિત કરવી કે જે શહેરને સૌંદર્યલક્ષી અને ઉપયોગી સાર્વજનિક જગ્યા પૂરી પાડી શકે.

પ્રસ્તાવના મુખ્ય લક્ષણો અને મુદ્દાઓ :
તળાવના અગ્રભાગના વિકાસ માટે હાલમાં તળાવની આગળ જે ધંધાકીય ગોઠવણ છે જેણે સમગ્ર વિસ્તાર રોકી લીધો છે એ મુખ્ય સમસ્યા છે. અહિના દુકાનદારોની આજીવિકા આ દબાણાગ્રસ્ત વિસ્તાર પર હોવાથી આ સામાજિક રાજકરણને પહોંચી વળવા ખુબજ સંવેદનશીલ રીતે કામ કરવાની જરુર છે. એક સુચન છે કે લેકફ્રન્ટનો વિકાસ તબક્કાવાર અને સહભાગી અભિગમથી કરવામાં આવે. દરેક સ્તરે જોડાયેલી વ્યક્તિઓની મંજુરી અને પ્રતિભાવો લેવામાં આવે જેથી પ્રસ્તાવની સ્વીકૃતિ ઝડપથી થાય જે આ પ્રકારના પ્રકલ્પો માટે ખુબ જ જરુરી છે.
તળાવની આજુબાજુ જમીનની ઉપલબ્ધતાના આધારે તબક્કાવાર વિકાસની દરખાસ્ત રાખવામાં આવી છે. પ્રથમ તબક્કામાં જમીનની ઉપલબ્ધતા નિશ્ચિત થશે જેના આધારે બીજા તબક્કામાં બાંધકામની પ્રક્રિયા સરળ બની રહેશે. એકવાર અહિં દુકાનોનું બાંધકામ થઇ જાય તો દુકાન માલિકોને નવા સ્થળે ખસેડી શકાય અને બીજા તબક્કાની પ્રક્રીયા હાથ ધરી શકાય. આ પ્રક્રિયા દુકાનદારો દ્વારા સરળ રીતે સ્વીકાર્ય બની રહેશે કેમ કે આ રીતે તેમના વ્યવસાયને ખુબ જ નહિવત અસર થશે.



દેશલસત તળાવના એક ભાગનો પ્રાસ્તાવિક લે આઉટ પ્લાન

બીજા તબક્કામાં તળાવના સૌથી ગીચ વિસ્તારમાં આગળ વધશે. અહિ પ્રાસ્તાવિક છે કે કેટલાક વ્યાપારી માળખાઓને જેમ છે એમ રાખી, અન્ય દુકાનોને બીજા તબક્કામાં અન્યત્ર ખસેડવામાં આવે પણ એ વ્યવસાયની સુગમતા અને વ્યાપારીઓની સ્વીકૃતિ પર આધારિત છે. આ પણ લેકફ્રન્ટ માટેનું મુખ્ય સ્થળ છે જેથી તેનો વિકાસ પણ એક જાહેર જગ્યા તરીકે થવો જોઇએ. ઉપરોક્ત દર્શાવેલા પ્રસ્તાવના મુદ્દાઓ ઉપરાંત નીચે દર્શાવેલી પ્રક્રિયાઓ પણ પ્રસ્તાવના ભાગરુપે રહેશે.

1. તળાવની ચારે તરફ પથરાયેલો વોક વે તળાવની સુંદરતાને નિખારે છે અને લોકોને ટહેલવા માટે ઉમદા વ્યવસ્થા પુરી પાડે છે.
2. જે દુકાનો પહેલેથી છે તેને દુકાનદારોની આજીવિકાને જરા પણ અસર ન થાય એ રીતે પ્રાસ્તાવિક વિકાસમાં સમાવી લેવાઇ છે તેમજ શહેરની જાહેર જગ્યા તરીકે તળાવની પાળ ઉમદા સ્થળ છે.
3. દુકાનો વચ્ચે રાખવામાં આવેલી બેસવાની જગ્યા પરથી સીધું તળાવનું દૃશ્ય દૃશ્યમાન થાય છે.
4. દુકાનની અગાસી/છતનો વિકાસ બેસવા અને આસાપાસના દૃશ્યો જોવા માટે કરાયો છે.
5. વોક વેમાં થોડા થોડા અંતરે બેઠક વ્યવસ્થા.
6. બેઠકની જગ્યાને સાંકળીને વેંચાણ માટેની જગ્યાનું આયોજન.



લેકફ્રન્ટ ડેવલપમેન્ટનું પ્રાસ્તાવિક મોડેલ

7. થોડા થોડા અંતરે શૌચાલય અને પીવાના પાણીની વ્યવસ્થા.

"અમૃત" યોજના અંતર્ગત ૪.૮ કરોડના અંદાજિત ખર્ચ સાથેનો આ પ્રસ્તાવ ૧૫ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ ભુજ નગરપાલિકાને સોંપવામાં આવ્યો છે.

ભવિષ્યનું આયોજન :
ઉપરોક્ત પ્રસ્તાવનને મંજુરી મળે એ માટે સરકારી તંત્ર સાથે સંકલન.

Gugal/Guggul



Gundi/Dora



Mamejavo



Gorad/Kher



Kerad



Pilu/Khari Jaar



# Flora

Gho



Sugari



Chameleon



Pilichanch Dhonk



Khiskoli



Pelican



# Fauna


# 10 ભુજમાં જૈવવિવિધતા સુશાસન

ભુજ શહેરમાં લુપ્ત થતી વન્ય સંપદાઓના નિવાસ સ્થાન આવેલા છે. જે પૈકી ભુજીયો ડુંગર, રક્ષિત વન વિસ્તાર, દેશલસર તળાવ, શરદબાગ, રાજેન્દ્રબાગ, ખારી નદી, સુરલભીટ્ટ વિસ્તાર વગેરે જૈવ વિવિધતાના મહત્વનાં વિસ્તારો આવેલા છે. ભુજ શહેર એ માત્ર તેના ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાને લઈને નહિ પરંતુ શહેરની જૈવ વિવિધતા માટે પણ પ્રખ્યાત છે.  આજે શહેરીકરણનો વ્યાપ અને વિસ્તાર પ્રતિ દિવસ વધી રહ્યો છે. એ રીતે આપણા ભુજનો વિસ્તાર પણ વધી રહ્યો છે, આ શહેરીકરણના કારણે ઘણા પરિસર તંત્રોમાં પણ બદલાવ આવી રહ્યું છે. જેના કારણે વન્ય સંપદાના નિવાસ સ્થાનો અને આવન જાવનના વિસ્તારોમાં ખલેલ પહોંચી રહી છે. જૈવ વિવિધતા અધિનિયમ ૨૦૦૨માં તમામ વિસ્તારમાં લોકોનું જૈવ વિવિધતા રજીસ્ટર અને જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ બને તે માટે કાયદાકીય પ્રાવધાન કરવામાં આવેલ છે. આ રીતે જૈવ વિવિધતાના મહત્વના સ્થળોની ઓળખ કરી તે વિસ્તારનું ભાવી આયોજન કરવામાં આવે તો તેના સંરક્ષણનું આયોજન શહેરી વિસ્તારમાં કરી શકાય.

સહજીવન સંસ્થા દ્વારા ભુજ નગર પાલિકા , શહેરીજનો અને પર્યાવરણ પ્રેમીઓના સહયોગથી ભુજ શહેરના વોર્ડ નં. ૮ ની જૈવ વિવિધતાનું પ્રાથમિક અભ્યાસ અને દસ્તાવેજીકરણની કામગીરી કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં અભ્યાસ કરવાનો ઉદેશ્ય એ હતો કે, ભુજ શહેરમાં વોર્ડ નં. ૮ માં રક્ષિત વન વિસ્તાર, નદી નાળા અને વૃક્ષોનું પ્રમાણ અન્ય વોર્ડની સરખામણીએ વધુ છે. લુપ્ત થવાના આરે આવેલ વનસ્પતિ અને વન્યજીવોના નિવાસ સ્થાનો આ વિસ્તારમાં હોવાનું જાણવા મળેલ છે. જે અભ્યાસના આધારે આગામી સમયમાં નગરપાલિકા સ્તરે જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ અને લોકોનું જૈવ વિવિધતા રજીસ્ટર બને અને શહેરી જૈવ વિવિધતા સંરક્ષણના ભાવી આયોજન અનુસાર અમલીકરણ થાય તો વન્ય સંપદાનું સંરક્ષણ થઇ શકે.

અત્યાર સુધીની મુખ્ય સિદ્ધિઓ :

1. ભુજ શહેરના વોર્ડ નં. ૮ ના પ્રાથમિક અભ્યાસ અનુસાર તે વિસ્તારના જૈવ વિવિધતા સંરક્ષણ માટે નક્શાકરણના માધ્યમથી ભાવી આયોજન કરવામાં આવેલ જેમાં જૈવ વિવિધતાના સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવામાં




વોર્ડ નં. ૮માં શોધાયેલા જૈવ વિવિધતા ધરાવતા વિસ્તારો

આવી તે વિસ્તારમાં નિષ્ણાતોના નિરીક્ષણ બાદ ત્યાં ક્યા પ્રકારના સંરક્ષણના કામો થવા જોઈએ તે ભલામણો કરવામાં આવેલ છે.

2. ભુજ શહેરમાં જૈવ વિવિધતા અંગે કામગીરી માટે ભુજ શહેર પર્યાવરણ હિમાયતી જૂથ, પર્યાવરણ પ્રેમીઓ અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ સાથે શહેરી જૈવ વિવિધતાની નોંધ અને સંરક્ષણની કામગીરી માટે વિચાર ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ જેમાં તમામ લોકોએ શહેરી જૈવ વિવિધતા સંરક્ષણ માટે પોતાના મંતવ્યો રજુ કર્યા હતા જેમાં પ્રથમ વોર્ડ નં ૮ ના અભ્યાસ અંગે જાણકારી આપવામાં આવી હતી.
3. ભુજ શહેરમાં વોર્ડ નં ૮ ના અભ્યાસના આધારે જાણવા મળેલ કે, શહેરમાં પણ ઘણી દુર્લભ પ્રજાતિઓ હોવાના પુરાવા મળેલ છે. જેના આધારે તમામ વોર્ડનું અભ્યાસ કરવામાં આવે તો વધારે માહિતી મળી શકે. વોર્ડ નં ૮ ની જૈવ વિવિધતાની નોંધ અને સંરક્ષણની પુસ્તિકાનું ભુજ નગરપાલિકા સાથે મળીને વિમોચન કરવામાં આવેલ જેથી નગર

શ્રી અશોકભાઇ હાથી - પ્રમુખ, ભુજ નગરપાલિકા

આજે પર્યાવરણમાં પરિવર્તન આવી રહ્યું છે. જેમાં ખાસ કરીને શહેરી વિસ્તારમાં જોવા મળતી જૈવ વિવિધતાની નોંધણી અને સાચવણી થવી એ અગત્યની છે. આ માટે જાગૃતિ કાર્યક્રમો કરી જૈવ વિવિધતાના મહત્વ વિશે જાણકારી આપવના આ પ્રકારની કામગીરીથી નાશ પામતા વન્યજીવોના સંરક્ષણ માટે સ્થાનિક લોકોએ સરકારી વિભાગો સાથે સહભાગી આયોજન કરી કામગીરી કરવી હોઇએ. ઉપરાંત ભુજ શહેરના તમામ વોર્ડમાં જૈવ વિવિધતા અંગેની કામગિરી કરવી જોઇએ, જેમાં નગરપાલિકા દ્વારા તમામ સહયોગની ખાતરી આપવામાં આવશે.




નાગરિકો અને વોર્ડ કાઉન્સીલર સાથે વોર્ડ વાર મીટિંગ

શ્રી નવીન બાપટ (પર્યાવરણ શાસ્ત્રી) કહે છે કે,
**"શહેરમાં વસ્તી વધારો થવા છતાં પણ ભુજમાં સમૃદ્ધ જૈવ વિવિધતા છે. આ નાગરિકોની જૈવ વિવિધતા પ્રત્યેની જાગૃતિ, સમર્પણભાવ અને લગાવનું પરિણામ છે. શહેરમાં જૈવ વિવિધતાના સમૃદ્ધ અને ખુબ જ સંવેદનશીલ વિસ્તારો શોધી તેના સંરક્ષણ માટે આયોજન બનાવવું ખુબ જ આવશ્યક છે."**



પાલિકા દ્વારા જૈવ વિવિધતા સંરક્ષણની કામગીરીમાં ઉપયોગી થઇ શકે. જૈવ વિવિધતા અધીનીયમ ૨૦૦૨ અનુસાર ભુજ નગર પાલિકા દ્વારા ગુજરાત જૈવ વિવિધતા બોર્ડ સાથે સંકલન કરી જૈવ વિવિધતા વ્યવસ્થાપન સમિતિ અને લોકોનું જૈવ વિવિધતા રજીસ્ટર બને તે માટે વિગતવાર માહિતી આપવામાં આવી.

ભવિષ્યનું આયોજન :

- ભુજમાં બાકી રહેલા ૧૦ વોર્ડની જૈવ વિવિધતાનું દસ્તાવેજીકરણ કરવું અને નગરપાલિકા માટે 'પીપલ્સ બાયોડાયવર્સિટી રજિસ્ટર બનાવવું.
- શહેરની જૈવ વિવિધતાના સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે બાયોડાયવર્સિટી વ્યવસ્થાપન સમિતિ બનાવવા માટે નગરપાલિકાને સહયોગ આપવો.
- ભુજિયો ડુંગરને બાયોડાયવર્સિટી પાર્ક જાહેર કરવા માટે વહીવટ વિભાગને મદદ કરવી અને એ સંદર્ભે આયોજન તૈયાર કરવું.



# 11 વોર્ડ સમિતિઓ દ્વારા વિકેન્દ્રિત શહેરી સુશાસન

છેલ્લા કેટલાક સમયથી એવું અનુભવવામાં આવ્યું છે કે શહેરમાં ગરીબીના પ્રશ્નો, ભેદભાવ અને અન્યાયના પરિબળોને પહોંચી વળવા માટે લોકશાહી શાસન મહત્વનું પાસું બની રહ્યું છે. વિકેન્દ્રિત શાસન વ્યવસ્થામાં નાગરિકોને અસરકારક અને કાર્યક્ષમ રીતે સેવાઓ મળી રહે તેમજ નીતિ નિર્માણ, આયોજન, સંસાધનની ફાળવણી અને ઉપયોગ તેમજ સેવા વિતરણની પ્રક્રિયામાં નાગરિકોની સહભાગીતાનો સમાવેષ થાય છે. ૭૪મા બંધારણનો સુધારો શહેરી સ્થાનિક સરકારી સંસ્થાઓ માટે વ્યાપક માળખું પુરું પાડે છે. નગરપાલિકાની બંધારણીય જોગવાઇ તેને એક સ્વ શાસનની સંસ્થા તરીકે કાર્ય કરવા સક્ષમ બનાવે છે. શાસનમાં લોકોની ભાગીદારી એક મહત્વનો ઉદ્દેશ્ય છે જેમકે શહેરની વોર્ડ સમિતિ નાગરિકો અને ચુંટાયેલા પ્રતિનિધિઓ વચ્ચે સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે એક માળખાગત સુવિધા પુરી પાડી નિકટતા વધારે છે. તેથી વિવિધ વોર્ડમાં લોકોના સહાકારથી સ્ત્રી-પુરુષના પ્રતિનિધિત્વનું સંતુલન જાળવીને વોર્ડ અને વિસ્તારની સમિતિઓ બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઇ. વોર્ડ સમિતિઓની વોર્ડમાં ઓફિસ હશે તેમજ વોર્ડ સમિતિ વોર્ડના સામાજિક, આર્થિક અને માળખાકિય વિકાસનું આયોજન કરશે.

ભુજ શહેર ૧૧ વોર્ડની સંકલિત નગરપાલિકા છે. જેમાંથી વોર્ડ નંબર ૨ અને ૩ માં કામ કરવાની શરૂઆત કરવામાં આવી છે. આ બે વોર્ડમાં ૮૦ ટકા લોકો ગેરકાનુની રહેણાકમાં કોઇ પણ પાયાની સુવિધાઓ અને સેવાના અભાવ સાથે રહેતા હતા. બે વોર્ડને પાયલોટ તરીકે લેવા માટે આ એક મુખ્ય કારણ હતું. પરિવારોની નોંધપાત્ર સંખ્યા સોશ્યલ સિક્યુરીટિ સ્કીમમાં ઉમેરાઇ જ નહોતી જેને કારણે તેમના માટે જ બનેલી યોજનાઓથી તેઓ વંચિત હતા.

વોર્ડ નં.૨ માં કુલ ૪૩ વિસ્તારોમાં ૪૦૦૩ જેટલા પરિવારો વસવાટ કરી રહ્યા છે. જેની વસ્તી ૧૬૮૫૨ છે. આ વિસ્તારોમાંથી કુલ ૧૩ નાગરિકોની વોર્ડ કમિટી બનાવવામાં આવી છે. આવી જ રીતે વોર્ડ ન.૩ માં કુલ ૧૨૭૨૨ ની વસ્તી છે. જેમાં નગરપાલિકાનાં પ્રમુખશ્રીની હાજરીમાં ૧૫ નાગરિકોની વોર્ડ કમિટીનું ગઠન કરવામાં આવેલ છે.



વોર્ડ નં. ૩ માં વોર્ડ ઓફિસનું ઉદ્ઘાટન કરતા ભુજ નગરપાલિકાના પ્રમુખ



વોર્ડ નં. ૩ માં લોકશાહિ પધ્ધતિથી ચુંટાયેલા વોર્ડ કમીટિના સભ્યો

આ સમિતિઓના ગઠન માટે જે રણનીતિ અપનાવી છે એ નીચે મુજબ છે

- વોર્ડ સમિતીઓની રચનાં લોકશાહી પ્રક્રિયા અને નિયમોને આધિન તેમજ નગરપાલિકાના પ્રમુખ અને મખ્ય અધિકારીની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.
- વોર્ડ સમિતિ દ્વારા પ્રાથમિક રીતે ઉપલબ્ધ માહિતી અને સ્થાનિક રહેવાસીઓના અભ્યાસના આધારે વોર્ડ આયોજન તૈયાર કરવામાં આવ્યું હતું.
- શહેરી લોકો માટેની સરકારી યોજનાઓ, જી.આર. અને સબંધિત સેવાઓ માટે માહિતી મિત્ર કેન્દ્ર ઉભા કરવામાં આવ્યા છે.

વોર્ડ કમિટીની ઉપલબ્ધીઓ

1. સૌ પ્રથમ વખત વોર્ડ નં. ૨ નાં દરેક ઘરની માહિતીનાં આધારે કોમ્પ્યુટરાઇઝ નકશાઓ બનાવવામાં આવેલ છે. આ યુ.પી.એસ.એસ. ડેટાબેઝ ઓન લાઇન પ્રાપ્ત છે. જે આયોજન બનાવવામાં ઉપયોગમાં લેવાય છે તેમજ નિયમીત રીતે અપડેટ કરવામાં આવશે.
2. ૮૦% લોકોને આધારકાર્ડ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. વોર્ડ સમિતિ દ્વારા વૃધ સહાય, વિધવા પેન્શન, રાશનકાર્ડ વગેરે જેવા સબંધિત કામો માટે સંકલન કરવામાં આવ્યું છે.
3. નાણાકીય વર્ષ ૨૦૧૬/૧૭ માટે વોર્ડ આયોજન અને બજેટ તૈયાર કરવામાં આવેલ છે. વોર્ડ ૨ અને ૩ નાં આયોજન અને બજેટને સતાવાર રીતે નગરપાલિકામાં આપવામાં આવેલ છે. આયોજન અંતર્ગત મોટા ભાગનાં કામોનો નગરપાલિકા દ્વારા અમલ કરવામાં આવેલ છે.
4. વોર્ડ સમિતીઓનાં નિરીક્ષણનાં પરિણામે રસ્તા, ગટર, રોડ લાઇટ, પ્રાથામિક શાળા, શૌચાલય સહિતના કામોની ગુણવતામાં સુધારો થયો છે.



વોર્ડ નં. ૨ માં શેખ ફળિયા વોર્ડ કમીટિની દેખરેખમાં ચાલી રહેલું રસ્તાનું મરંમત કામ



વોર્ડ નં. ૩ના ભગતવાડી વિસ્તારમાં પાણી વિતરણની લાઇન માટે ચાલી રહેલું ખોદકામ



"ભુજનાં દરેક વોર્ડમાં વોર્ડ સમિતિનું ગઠન થવું જોઈએ, જે કાઉન્સિલરને ખૂબ મદદરૂપ થશે અને તેમનું કાર્ય ખૂબ ઝડપી અને કાર્યક્ષમ બનશે."

શ્રીમતિ હેમલતાબેન ગોર. પૂર્વ પ્રમુખશ્રીભુજ નગરપાલિકા

"અમે વોર્ડ નં-૨ની વોર્ડ કમિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક આયોજનથી ઘણું શિખ્યા છીએ. અમે ભુજનાં તમામ વોર્ડ માટે આ આયોજન પ્રક્રિયા અને પધ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે. આ આયોજનથી વિસ્તાર અને વસ્તીનાં આધારે તમામ વોર્ડ માટે વાજબી રીતે બજેટ ફાળવવામાં મદદ મળશે"

નગરપાલિકાનામુખ્ય અધિકારીશ્રી શ્રી ચાંડપ્પા સાહેબ



ભુજનાં દરેક વોર્ડ માં વોર્ડ સમિતીનું ગઠન થવું જોઇએ, જે નગરસેવકો અને નાગરિકોને ખુબ જ મદદરૂપ થશે જેથી તેમનાં કાર્યમાં સરળતા ઉભી થશે.

વોર્ડ સભા:

વોર્ડ નં ૨ ની વોર્ડ કમિટી દ્વારા વોર્ડ સભાનું આયોજન ૧૭.૧૨.૨૦૧૬ નાં રોજ વોર્ડ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં ભુજ નગર સેવા સદનના ચીફ ઓફીસર, કારોબારી ચેરમેન અન્ય વોર્ડનાં નગર સેવકો અને વોર્ડ નાં ૨૫૦ જેટલા નાગરિકો હાજર રહ્યા હતા. વોર્ડ સભામાં ગત વર્ષમાં નગરપાલિકા દ્વારા કરવામાં આવેલા કામોનો હિસાબ વોર્ડ નાં નગર




વોર્ડ નં. ૨ની વોર્ડ ઓફિસમાં અર્બન સેતુ દ્વારા આયોજિત કેમ્પમાં આધાર કાર્ડ બનાવવા આવેલા લોકો

સેવક રોશનબેન ત્રાયાએ આપેલ, નવા મંજુર કામોની માહિતી આઇશુબેન સમાએ આપેલ, તેમજ વોર્ડનું તૈયાર થયેલ આયોજન સુલેમાનભાઇ હીંગોરજાએ રજુ કરેલ. જે બધી બાબતોથી નાગરિકો માહિતગાર બન્યા હતા.

ક્ષમતાવર્ધન :

નગરપાલિકાનાં નવા ચુંટાયેલા નગરસેવકોને પોતાનાં કામમાં સરળતા થાય તેમની આવડતમાં વધારો થાય અને વધુ સારી રીતે માહિતી સભર કામ કરી શકે તે માટે નગર સેવકો અને વોર્ડ કમિટી માટે તાલીમો કરવામાં આવેલ જેમાં ૨૭ જેટલા નગરસેવકો અને ૧૮ જેટલા વોર્ડ કમિટીનાં સદસ્યોએ લાભ લીધેલો. તાલીમમાં નગરસેવકોને બંધારણ મુજબ તેમની જવાબદારી અને ભુમિકા, વિકેન્દ્રિત શાસન વ્યવસ્થા તેમજ નગરપાલિકાની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

વોર્ડ ઓફિસની ભુમિકા :

1. વોર્ડ નંબર ૨ અને ૩ માં વોર્ડ ઓફિસ બનાવવામાં આવી છે. આ વોર્ડ ઓફિસ દ્વારા નીચે મુજબની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
2. વોર્ડ ઓફિસમાં વોર્ડ સમિતિની માસિક મિટીંગ મળતી હોય છે જેમાં સમિતિના સભ્યો તેમના વિસ્તારના પ્રશ્નો અને પોતાના વિસ્તારમાં જે વિકાસલક્ષી કામગીરી કરવાની છે તેની ચર્ચા કરે છે.



નગરપાલિકાના અધિકારીઓ, વોર્ડ કાઉન્સીલરો અને નાગરિકો સમક્ષ વોર્ડ પ્લાન રજૂ કરતા વોર્ડ કમીટીના સભ્ય

3. વોર્ડના સામાજિક આર્થિક અને માળખાકિય વિકાસ માટે વોર્ડ સમિતિ વોર્ડ ઓફિસમાં મિટીંગ કરે છે અને નાણાકિય જોગવાઇઓ સાથેનું આયોજન ઘડે છે.
4. વોર્ડ ઓફિસ એક એવો મંચ છે જ્યાં વોર્ડના નાગરિકો ચુંટાયેલા નગરસેવકો અને નગરપાલિકાના કર્મચારીઓ સમક્ષ પોતાની સમસ્યાઓની રજૂઆત કરે છે તેમજ વોર્ડના વિકાસ માટે સુચનો આપે છે.
5. વોર્ડ ઓફિસ પર સરકાર દ્વારા ગરીબોના કલ્યાણ માટે ઘોષિત યોજનાની માહિતી પુરી પાડવામાં આવે છે તેમજ ગરિબોને તેનો લાભ મળે એ માટે પણ સહયોગ આપે છે.

ભવિષ્યની દિશા:

- વોર્ડ કાઉન્સીલર અને નગરપાલિકા સાથે સંકલન કરવું જેથી દરેક વોર્ડમાં વોર્ડ સમિતિની રચના થઇ શકે.
- વોર્ડ સમિતિને વોર્ડનું આયોજન અને બજેટ તૈયાર કરવામાં સહયોગ આપવો.
- દરેક વોર્ડમાં વોર્ડ ઓફિસની રચના કરવી જેથી જાહેર સેવાઓ પુરી પાડવામાં તેમજ વિકેન્દ્રિત આયોજન અને શાસનને શહેરમાં પ્રોત્સાહન પુરું પાડી શકાય.
- નગપાલિકાના ટેક્સ કલેક્શનમાં વૃદ્ધિ કરવા માટે વોર્ડ ઓફિસ દ્વારા વેરા ઉઘરાવવામાં આવે એ માટે નગરપાલિકા સાથે સંકલન કરવું.




"ભુજ બોલે છે" દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ આયોજિત કાર્યક્રમમાં ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભુકંપમાં મૃત્યુ પામેલા લોકોને મીણબત્તી સાથે શ્રદ્ધાંજલિ આપતા નાગરિકો.

## 12 ભુજના નાગરિકોનો પોતીકો મંચ 'ભુજ બોલે છે'

શહેરોમાં જોવા મળ્યું છે કે વિવિધ પ્રદેશો, ધર્મો અને સંસ્કૃતિના લોકો શહેરોમાં આવે છે અને પોતાના ભરણપોષણ માટે કામ કરે છે તેમજ શહેર અને દેશના વિકાસમાં સહભાગી બને છે. વધતી જતી વસતીને કારણે શહેરોમાં હમેશાં રહેણાક, પાણી અને સ્વચ્છતાની અછત સર્જાય છે. પરંતુ આવા શહેરી વિસ્તારોમાં વિચારોના આદાનપ્રદાન તેમજ સુચન, ભવ પ્રતિભાવ રજૂ કરવા માટેના અવકાશની પણ કમી છે. આપણી લોકશાહી પ્રક્રિયામાં વોર્ડ કાઉન્સીલર, ધારાસભ્ય કે સંસદ સભ્યો નાગરિકો દ્વારા દર પાંચ વર્ષે ચુંટાય છે પણ નાગરિકો સરકાર સાથે સીધો સંવાદ કરી શકે એવી વ્યવસ્થા ભાગ્યે જ જોવા મળે છે.

આ અહેસાસ સાથે ભુજના નાગરિકોના પોતિકા મંચ તરીકે "ભુજ બોલે છે" નામે એક નવી પહેલ નીચે દર્શાવેલા હેતુઓ સાથે હાથ ધરાઇ.

- શહેરને લગતા વિવિધ મુદ્દાઓ પર નાગરિકો તેમના ભાવ પ્રતિભાવનું એક મેક સાથે આદાનપ્રદાન કરે.
- આ મંચ દ્વારા તંત્રો નાગરિકોના સુચનો અને પ્રતિભાવો જાણે તેમજ એજ રીતે આ માધ્યમે તંત્ર નાગરિકોને સંદેશ પહોંચાડે તેમજ અપેક્ષાઓ મુકી શકે છે.
- આ મંચ ભુજના ઇતિહાસ, વારસા અને સંસ્કૃતિનો સંપુટ હશે જે માત્ર ભુજના નાગરિકો માટે જ નહિં પરંતુ બહારથી આવતા લોકોને પણ ઉપયોગી બની રહેશે.

શહેરમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આ મંચ દ્વારા પુરી પાડવામાં આવે છે જેમાં ક્યાંક ને ક્યાંક નાગરિકોનું જીવન જોડાયેલું હોય, તેમજ નાગરિકો પોતાના વિચારો, સુચનો અને પ્રતિભાવો આપી શકે એ માટેનો ખુલ્લો મંચ પુરોઓ પાડે છે. હાલમાં ૬૦૦ જેટલા નાગરિકો આ મંચ (www.bhujbolechhe.org) સાથે જોડાયેલા છે. આ વેબસાઇટનું ફેસબુક પેઇજ પણ છે જેમાં ૮,૫૦૦ થી વધુ ફોલોવર્સ જોડાયેલા છે જેમાં માત્ર ભારત જ નહિ દુનિયાના અન્ય દેશોના નાગરિકો પણ છે. આ વેબસાઇટમાં શહેરના વંચિત વિસ્તારોમાં રહેતા એવા લોકોના અનુભવો અને પ્રતિભાવો મુકવામાં આવે છે જે ઇન્ટરનેટનો ઉપયોગ કરી શકતા નથી. બીબીસી ટીમ તેઓને નિયમિત રીતે રુબરુ



બીબીસી વેબસાઈટ નો સ્ક્રીનશોટ

મળી વિકાસના સંદર્ભમાં તેમના રોજિંદા અનુભવોનું આલેખન કરે છે. બીબીસીના મુખ્ય વિભાગો નીચે મુજબ છે:

1. બ્લોગ/અવર વોઇસ(આપણો અવાજ) : અહિં નાગરિકો પોતાનો બ્લોગ ધરાવે છે જેમાં તેઓ શહેર માટે પોતાના અનુભવો અને પ્રતિભાવો મુકે છે. તેઓ શહેરમાં વિકાસ સંદર્ભે ચાલતી રોજિંદી પ્રક્રિયા વિશે લેખ પણ લખે છે. નાગરિકો, ઔપચારિક તેમજ અનૌપચારિક સંગઠનો, શાળા, કોલેજ તેમજ અન્ય સંથાઓ તેમની વાત તેમજ શહેર માટે સકારાત્મક અભિગમ સાથે કરેલા પ્રયત્નો વિશે લખે છે. અન્ય નાગરિકો લેખકોની પોસ્ટ પર પ્રતિભાવો આપે છે તેમજ ચર્ચા કરી શકે છે.
2. કન્સર્ન મેનેજમેન્ટ : આ એક અન્ય સ્વતંત્ર વિભાગ છે જેમાં નાગરિકો તેમની સમસ્યાઓ મુકે છે જે તેમના વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ અને સેવાઓ, સુરક્ષા કે સ્વચ્છતાના મુદ્દાઓના સંદર્ભમાં હોઇ શકે. નગરપાલિકા, પોલીસ, ઇલેક્ટ્રીસીટિ બોર્ડ જેવા લાગતા વડગતા તંત્ર આ માધ્યમે નિયમિત પણે નાગરિકોના મંતવ્યો મેળવી તેમની સેવામાં સુધાર લાવી શકે તેમજ નાગરિકોએ ઉઠાવેલા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવી શકે તેમ છે.



‘વર્લ્ડ હેરિટેજ ડે’ નિમિત્તે ભુજના મુલ્યવાન ઐતિહાસિક સ્થળ રામકુંડની સફાઇ સાથે શણગાર કરતા શાળાના બાળકો

3. ઇન્ફોર્મેશન (માહિતી મિત્ર) : આ એક એવો વિભાગ છે જેમાં ભુજ શહેરની માહિતી જેવી કે ઇતિહાસ, શહેરમાં રહેતી જ્ઞાતિઓ, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સુરક્ષા જેવી સરકારી યોજનાઓની માહિતી, વાહન વ્યવહાર સંબંધી માહિતી તેમજ વિવિધ સંપર્કો ઉપલબ્ધ છે જેનો નાગરિકો ઉપયોગ કરી શકે.

બીબીસી દ્વારા થયેલી અન્ય પહેલ :

1. બીબીસી દ્વારા શહેરમાં લાંબા સમયથી વસતી જ્ઞાતિઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવે છે જેમણે સામાજિક, આર્થિક તેમજ  પર્યાવરણીય સંદર્ભમાં શહેરને સમૃદ્ધ બનાવ્યું હોય. આ દસ્તાવેજમાં તેઓ શહેરમાં ક્યારે આવ્યા, એમની સંસ્કૃતિ, રીતરિવાજો, સામાજિક માળખું વગેરે દર્શાવવામાં આવે છે. બીબીસી ભુજની ૮૪ જ્ઞાતિઓનું દસ્તાવેજીકરણ કરવા ઇચ્છે છે જેમાંથી ૧૨ જ્ઞાતિઓનું દસ્તાવેજીકરણ થયું છે અને સીદી તેમજ કોલી સમાજની પુસ્તિકા પણ પ્રકાશિત થઇ છે.




ખારીનદીમાં સ્વચ્છતા અભિયાનમાં જોડાયેલા ભુજના નાગરિકો



શાળાના બાળકોને ભુજના ઐતિહાસિક સ્મારકોની માહિતી આપતા ભુજના વડીલ નાગરિક

2. શહેરના સમૃદ્ધ ઇતિહાસ અને સંસ્કૃતિને છતી કરતા અનેક ઐતિહાસિક સ્મારકો, ઐતિહાસીક સ્થળો અને ઇમારતો ભુજમાં આવેલી છે. જો કે, તેમાંની મોટાભાગની ઇમારતો તંત્રના ઓરમાયા વર્તનને કારણે ખુબ જ દયનીય હાલતમાં છે. આથી, આ તમામ ઐતિહાસિક સ્થળો અને ઇમારતોનું દસ્તાવેજીકરણ કરી તેની માહિતી બીબીસી વેબસાઇટ પર મુકવામાં આવી છે જેથી લોકોમાં જાગૃતિ આવે અને નોંધપાત્ર સ્મારકોનું સંરક્ષણ થાય. સમાંતરે વિદ્યાર્થીઓ અને નાગરિકોને જાગૃત કરવા બીબીસીના બેનર તળે સમયાંતરે હેરિટેજ અને નેચર વોકનું આયોજન થતું રહે છે.
3. બીબીસી શહેરમાં વંચિત વિસ્તારના લોકો, રખડતા પશુ પક્ષીઓના કલ્યાણ માટે નિ:સ્વાર્થ ભાવે સેવા કરતા સ્વયંસેવકોને શોધી તેમને સન્માનિત કરે છે. શહેર માટે તેમણે કરેલી સેવાઓનું દસ્તાવેજીકરણ થયું છે અને બીબીસી વેબસાઇટ પર મુકાયું છે.
4. એચઆઇસી પ્રકલ્પ અંતર્ગત થતી દરેક પ્રવૃત્તિઓ અને નિદર્શનો આ સંચાર માધ્યમ દ્વારા આવરી લેવામાં આવે છે. બીબીસી ટીમ સ્થાનિક અખબારમાં સમાચારો, લેખો પ્રકાશિત કરાવે છે તેમજ સ્થાનિક ટીવી ચેનલમાં પ્રસિદ્ધ કરવા માટે સંકલન કરે છે. આવા જ એક પ્રયાસરુપે શહેરમાં ખરેખર સંઘર્ષ કરીને આગળ આવેલી ૫૦ મહિલાઓની હકિકતો સ્થાનિક સમાચારપત્ર “કચ્છમિત્ર”માં કોલમ તરીકે પ્રસિદ્ધ થઇ છે. “જેડલ” નામે પ્રકાશિત થતી આ પુર્તિ દર મંગળવારે આવે છે.




સીદી અને કોલી સમાજના ઇતિહાસ, રિતરિવાજો અને કચ્છ સાથેના જોડાણ વિશેની પુસ્તિકા

ભવિષ્યનું આયોજન :

- આગામી સમયમાં નાગરિકો, સમાજિક સંસ્થાઓ, તંત્ર, વિદ્યાર્થીઓ, વ્યવસાયકારો આ માધ્યમનો ઉપયોગ કરે અને શહેરના કલ્યાણ માટે સહભાગી પ્રયત્નો કરે એ રીતે બીબીસીનું આયોજન કરવું.
- શહેરના ઐતિહાસિક વારસાના સંરક્ષણ માટે નાગરિકો જાગૃત થાય અને એ સંદર્ભે સંલગ્ન તંત્રનો સંપર્ક કરે.

# પરીશિષ્ટ
## 01 કાર્યશાળાની સમયપત્રક અને વિષયાનુસાર સત્રો

શહેરપાડે સાદ, ભુજ વિઝન ૨૦૨૨, વિકેન્દ્રિત વિકાસ ની કેડીએ
તારીખ : ૧૨ અને ૧૩ મે, ૨૦૧૭
સ્થળ : ડોસાભાઇ ધરમશાળા, 'કચ્છમિત્ર' પ્રેસની બાજુમાં, ભુજ.

**પ્રથમ દિવસ (૧૨મી મે)**

| **સમય** | **કાર્યક્રમ** | **સલંગ્ન વ્યક્તિ** |
|---|---|---|
| 03.30-03.35 | સ્વાગત અને દીપ પ્રાગટ્ય | શ્રી એમ. એચ. પીર |
| 03.35-03.40 | અતિથીઓનું સન્માન | |
| 03:40 - 03:50 | વર્કશોપની રૂપરેખા | શ્રી સંદીપભાઈ વિરમાની |
| 03:50 - 03:55 | ભુજ શહેરની અસંગઠીત મહિલાઓની પરિસ્થિતિ અંગેના અહેવાલની પુસ્તિકાનું વિમોચન. (મહેમાનોના હસ્તે) | શ્રી અલ્કાબેન જાની |
| 03:55 - 04:20 | પ્રાસંગિક ઉદબોધન | શ્રી નિમાબેન આચાર્ય(ધારાસભ્ય, ભુજ), શ્રી કિરીટભાઇ સોમપુરા (ચેરમેનશ્રી, ભાડા), શ્રી અશોકભાઇ હાથી (પ્રમુખશ્રી, ભુજ નગરપાલિકા) |
| 04:20 - 04:30 | અધ્યક્ષીય ઉદબોધન | શ્રી વાસણભાઈ આહીર (સંસદીય સચિવ) |
| 04:30 - 04:35 | આભારદર્શન | શ્રી ઉપેન્દ્રભાઈ ઉપાધ્યાય |

| શહેરી આયોજન | | |
|---|---|---|
| 04:35 - 04:55 | ટ્રાન્ઝીટ ઓરિએન્ટેડ ડેવલોપમેન્ટ પોલીસી અને દિલ્હીની કેશ સ્ટડી | શ્રી પરોમીતા રોય (ડે. ડીરેક્ટર(આર્કિ.) દિલ્હી ડેવલોપમેન્ટ ઓથોરીટી |
| 04:55 - 05:10 | ચર્ચા | |
| 05:10 - 05.30 | હમીરસર લેક ડેવલોપમેન્ટ પ્લાન | શ્રી સંજય ઇશ્વરભાઇ દેસાઇ માસ કન્સલ્ટન્ટ,ભુજ |
| 05.30 - 05:45 | ચર્ચા | |
| 05:45 - 06:15 | આલ્પાહાર | |

**દ્વિતીય દિવસ (૧૩ મી મે)**

| સમય | કાર્યક્રમ | |
|---|---|---|
| 10:00 - 10:50 | રિવાઈઝ્ડ ડેવલોપમેન્ટ પ્લાન, ભુજ (૨૦૨૫) | (શ્રી હિતાર્થ આર્ય, નાસેન્ટ ઇન્ફો. ટેક. પ્રા.લી.- અમદાવાદ) |
| 10:50 - 11.00 | ચર્ચા | |
| **સત્ર ૧** | | **સત્ર ૨** |
| 11:00 - 11:30 | ભુજમા પશુધર દ્વારા દૂધ ઉત્પાદનને પ્રોત્સાહન | સ્ત્રી સશક્તિકરણ અને સલામતિ |
| | (શ્રી નીતા ખુબચંદાણી, સહજીવન અને શ્રી આદિત્ય સિંગ, હુન્નરશાળા) | અરુણા જોષી-જિજ્ઞા ગોર, સખિ સંગિની |
| 11:30–11:40 | ચર્ચા | |
| 11:40–11:50 | નિષ્ણાતો દ્વારા ટીપ્પણીઓ | |
| 11:50 - 12:05 | વિકેન્દ્રિત ધન કચરા વ્યવસ્થાપન - ગોઆના સંદર્ભમાં (શ્રી ક્લીન્ટન વાઝ, ફાઉન્ડર વી-સાઈકલ સાઉથ ગોઆ) | ચર્ચા |

| | | |
|---|---|---|
| | (શ્રી નીતા ખુબચંદાણી, સહજીવન અને શ્રી આદિત્ય સિંગ, હુન્નરશાળા) | અરુણા જોષી-જિજ્ઞા ગોર, સખિ સંગિની |
| 11:30–11:40 | ચર્ચા | |
| 11:40–11:50 | નિષ્ણાતો દ્વારા ટીપ્પણીઓ | |
| 11:50 - 12:05 | વિકેન્દ્રિત ઘન કચરા વ્યવસ્થાપન - ગોઆના સંદર્ભમાં<br>(શ્રી ક્લીન્ટન વાઝ, ફાઉન્ડર<br>વી-સાઈકલ સાઉથ ગોઆ) | ચર્ચા |
| 12:05–12:15 | ઘન કચરા વ્યવસ્થાપન સુધારણા<br>-શ્રી જય શાહ, યુએમસી,અમદાવાદ | નિષ્ણાતો દ્વારા ટીપ્પણીઓ |
| 12.15-12.30 | ચર્ચા | સ્ત્રી સલામતિ<br>-શ્રી ગીતા નામ્બિસન, જાગોરી. |
| 12:30 - 12:40 | ભુજમાં ઘન કચરા વ્યવ્સ્થાપનના પ્રયાસો<br>(શ્રી ધર્મેશ અંતાણી, સહજિવન)<br>(શ્રી ઘટીત લહેરુ, ખમીર) | |
| 12.40 - 12.50 | કેન્દ્રિત અને વિકેન્દ્રિત કચરા વ્યવ્સ્થાપન<br>-શ્રી સૌરભ શાહ, એક્સેલ ઇન્ડસ્ટ્રીઝ | |
| 12:50–01:00 | ચર્ચા | ચર્ચા |
| 01:00 - 01:10 | નિષ્ણાતો દ્વારા ટીપ્પણીઓ | નિષ્ણાતો દ્વારા ટીપ્પણીઓ |
| 01:10 - 02:00 | ભોજન વિરામ | |
| | **સત્ર૧** | **સત્ર ૨** |
| 02:00 - 02:30 | ઓનર ડ્રીવન હાઉસિંગ<br>-શ્રી રુપેશ હુરમાડે, હુન્નરશાળા | સેલ્ટર ફોર હોમલેસ એન્ડ ઓર્ગેનાઇઝીંગ સ્ટ્રીટ વેન્ડર્સ -શ્રી દિનેશ ચારણ, શ્રી કરમણ મારવાડા, શ્રી આદિત્ય સિંઘ |
| 02:30–2:45 | ચર્ચા | ચર્ચા |
| 02:45–3:15 | વોટર વિઝન ફોર ભુજ સીટિ | માઇગ્રન્ટ લેબર એન્ડ એડમિનીસ્ટ્રેશન |

# “હોમ્સ ઇન ધ સીટિ” પ્રકલ્પ વિશે

વર્ષ ૨૦૦૮માં નાગરિકોનું એક જુથ સામાજિક સંસ્થા સાથે ભુજના ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત છે જે એક ભુજના નાગરિક તરીકે તેમના પોતાની સહભાગીતા અને યોગદાન પર પ્રકાશ પાડે છે, તેના દ્વારા “હોમ્સ ઇન ધ સીટિ” પ્રકલ્પનો ઉદ્ભવ થયો. સ્વયંસેવક તરીકે સૌ પ્રથમ પોતાના વિસ્તારમાં જ્યાં તેઓ રહે છે ત્યાં શહેરની સુખાકારી માટે પોતાની નિપુણતાનું યોગદાન આપ્યું, જે પહેલ હવે વિસ્તરી છે અને હવે અનેક નાગરિકોને ભુજને માનવીય અને રાજીખુશીથી રહેવા લાયક બનાવવા માટેની તક આપી છે.

આ પ્રકલ્પની પહેલ પાંચ સ્વયંસેવી સંસ્થાઓ જેનો ઉલ્લેખ પછી કરીશું, તેમના દ્વારા નીચે આપેલા સિદ્ધાંતો સાથે કરવામાં આવી છે.

1. વિકેન્દ્રિત લોકશાહીને પ્રોત્સાહન આપી નાગરિકો એવો સમાજ બનાવે કે જે વિકાસના પરિબળો પર અંકુશ મેળવી શકે તેમજ સેવાઓ, અસ્ક્યામતો, સુવિધાઓ અને ભવિષ્ય માટે તેમના આસપાસ જોડાણ કરી શકે.
2. એ પ્રસ્થાપિત કરવું કે જે પ્રક્રિયાઓ થઇ રહી છે તે પર્યાવરણીય અને પરિસ્થિતિ પ્રમાણે યોગ્ય છે.
3. સમાનતા માટે કામ કરવું જેમાં ગરીબો, મહિલાઓ, સ્થળાંતરકારો, સમાજ દ્વારા તરછોડાયેલાઓ તેમજ પ્રાણીઓ જેવા વંચિતોના સશક્તિકરણને પ્રાધાન્ય અપાય.

એક દાયકા દરમ્યાન, ઉપરોક્ત ત્રણ સિદ્ધાંતોના આધારે નાગરિકોને સંગઠિત કરવા તેમજ શહેર માટે ઉભા કરાયેલા નિદર્શનોનું રાજ્ય દ્વારા સંસ્થાકિયકરણ અને સ્વીકૃતિ થાય એવી રણનીતિ બનાવવામાં આવી. આ કાર્યક્રમ શહેરના નામાંકિત નાગરિકો, સંસ્થાના પ્રતિનિધિઓ તેમજ સ્લમનું પ્રતિનિધિત્વ કરતા લોકોની બનેલી એક સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમ મહત્વના મુદ્દાઓ પર કામ કરવા તેમજ સામાજિક સંગઠનોને જવાબદારી ઉઠાવવા માટે ફેલોશીપનો પ્રસ્તાવ આપે છે. “ધ સીટિ કોલ્સ” (શહેર પાડે સાદ)નો દ્વિવાર્ષિક કાર્યક્રમ પ્રકલ્પ અંતર્ગત શહેરમાં ઉભા થયેલા નિદર્શનો અને થઇ રહેલી પવૃત્તિઓ રજૂ કરે છે. એચઆઇસી પ્રકલ્પે કેટલાક નાગરિકોને ઔપચારિક કે અનૌપચારિક રીતે સંગઠિત થવામાં સહયોગ આપ્યો છે જેમ કે વોર્ડ અને વિસ્તાર સમિતીઓ, વિસ્તાર વિકાસ સંગઠનો, પાણીની સમસ્યા આધારિત “જલ સ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ જેવા સંગઠનો,

પશુપાલન અને દુધ ઉત્પાદન પર કાર્યરત માલધારી સંગઠન, મહિલાઓનું વિશાળ સંગઠન "સખિ સંગીનિ, ફેરીયાઓનું સંગઠન તેમજ સ્થળાંતરકારોના સમુહની રચના કરવામાં આવી.

આ પ્રકલ્પે પાણી અને ગંદા પાણીના વ્યવસ્થાપન, હાઉસીંગ અને ઘન કચરા વ્યવસ્થાપન માટે તકનીકિ ઉકેલો વિકસાવ્યા છે તેમજ માહિતી અને આધાર ઉપલબ્ધ કરાવવા માટે ઇન્ફોર્મેશન ટેકનોલોજી આધારિત માહિતી વ્યવસ્થાપન અને સંચાર તકનિકનો ઉપયોગ કરે છે. પ્રારંભિક સહભાગી અને તેમના ભુજમાં થયેલાં કાર્યો નીચે મુજબ છે :

**સહજિવન** એ હાલમાં એચઆઇસી પ્રકલ્પનું મુખ્ય કાર્યાલય છે જે શહેરમાં ઘન કચરા વ્યવસ્થાપન, પશુધન વ્યવસ્થાપન તેમજ શહેરી જૈવવિવિધતાના મુદ્દાઓ પર કાર્યરત છે. (http://www.sahjeevan.org)

**એરિડ કોમ્યુનિટીસ એન્ડ ટેકનોલોજી**(એક્ટ) વિકેન્દ્રિત જળવયવસ્થા પર કાર્યરત છે જેમાં રુફ વોટર હાર્વેસ્ટિંગ, ભુગર્ભ વ્યવસ્થાપન અને રિચાર્જ ટેક્નોલોજી, તળાવ વ્યવસ્થાપન, વોટરશેડા વ્યવસ્થાપનનો સમાવેષ થાય છે. (http://act-india.org)

**સેતુ અભિયાન વિકેન્દ્રિત શાસન** વ્યવસ્થાનું ક્ષમતાવર્ધન કરી, માહિતી પુરી પાડવી, વોર્ડ ઓફિસ, વોર્ડ સમિતી તેમજ આયોજન બનાવવામાં અને સ્થળાંતરકારો જેવા વંચિતોને સંગઠિત કરવામાં નિપુણતા ધરાવે છે. (http://www.kutchabhiyan.org)

**કચ્છ મહિલા વિકાસ** સંગઠન ગરીબ મહિલાઓને સંગઠિત કરીને તેમની આજીવિકા પર કામ કરે છે, સંલગ્ન કાર્યક્રમોમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવી, ઓળખ સુનિશ્ચિત કરવી, સખિ સંગીની બચત અને ધિરાણની વિસ્તૃત પ્રવૃત્તિને સહયોગ કરે છે, ફિમેલ સેક્સ વર્કર્સ અને કિશોરીઓને સુરક્ષાના મુદ્દે જાગૃત કરવામાં આવે છે. (http://kmvs.org.in)

**હુન્નરશાળા ફાઉન્ડેશન** સ્લમ હાઉસીંગ અને સેવાઓ, સ્થળાંતરીતો માટે આશ્રયસ્થાનની ડિઝાઇન બનાવવી, શેરી અને ફેરિયાઓ માટે આયોજન, તળાવ વિકાસ, શહેરી આયોજન, પશુધન માટે આશ્રયસ્થાન અને વેસ્ટ વોટર ટેકનોલોજી પર કાર્યરત છે. (http://www.hunnarshala.org)

એચઆઇસી કાર્યક્રમ સજિવ ખેતી આધારિત સંસ્થા "સાત્વિક" તેમજ ગુજરાતના કચ્છ પ્રદેશની હસ્તકળા, વારસો અને સંસ્કૃતિને ટકાવી રાખતા મંચ "ખમીર" સાથે પણ કામ કરે છે. (http://www.khamir.org)

